RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 9 * Issue No. 296* Date: 15.08.2023,Tuesday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

# હિમાચલમાં બિયાસ નદી ઓવરફ્લો, ૩૦૦ રસ્તાઓ બંધ





હિમાચલ પ્રદેશમાં છેલ્લા ૨૪ કલાકથી વરસાદ પડી રહ્યો છે. જેના કારણે બિયાસ નદી ગાંડીતૂર થઈ છે. ઘણી જગ્યાએ ભૂસ્ખલન થયું અને ૩૦૦થી વધુ રસ્તાઓ બંધ થઈ ગયા. હવામાન વિભાગે આજે ઓરેન્જ એલર્ટ જાહેર કર્યું છે.તે જ સમયે, ઉત્તરાખંડમાં પણ ભારે વરસાદ થઈ રહ્યો છે. હવામાન વિભાગે ઉત્તરાખંડના છ જિલ્લા દેહરાદૂન, ટિહરી ગઢવાલ, પૌરી ગઢવાલ, નૈનીતાલ, ચંપાવત અને ઉધમસિંહ નગરમાં આગામી ત્રણ દિવસ સુધી ભારે વરસાદની આગાહી કરી છે.બીજી તરફ રુદ્રપ્રયાગ જિલ્લાના ગૌરીકુંડમાં હજુ પણ સર્ચ ઓપરેશન ચાલુ છે. શનિવારે વધુ બે મૃતદેહ મળી આવ્યા હતા. અત્યાર સુધીમાં કુલ ૭ મૃતદેહ મળી આવ્યા છે. ૪ ઓગસ્ટે ભૂસ્ખલનમાં ૨૫ લોકો દટાયા હતા.રવિવારે દિલ્હીમાં ગરમ ??અને ભેજવાળું વાતાવરણ રહેવાની ધારણા છે. ઁસ્ઙઅનુસાર, પંજાબ, હરિયાણા અને ઉત્તર પ્રદેશના ભાગોમાં હળવાથી મધ્યમ વરસાદ પડી શકે છે. યુપી, છત્તીસગઢના કેટલાક ભાગોમાં પણ વરસાદની સંભાવના છે.

## શરદ પવારનું મોટું નિવેદન, કહ્યું ‘ભાજપ સાથે ક્યારેય નહીં જાઉં’




મુંબઈ,

મહારાષ્ટ્રના રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટીના સ્થાપક શરદ પવારે રાજયના નાયબ મુખ્યમંત્રી અજિત પવાર સાથે યોજેલી સીક્રેટ બેઠક અંગે મહત્વનું નિવેદન આપ્યું છે. તેમણે કહ્યું કે, કેટલાક શુભચિંતકો મને મનાવવા પ્રયાસો કરી રહ્યા છે, જોકે હું ભાજપ સાથે ક્યારેય નહીં જાઉં. અજિત પવાર સાથે મારી મુલાકાત ખાનગી નથી. તેઓ મારા ભત્રીજા છે અને હું પરિવારનો સૌથી વરિષ્ઠ સભ્ય છું.તેમણે કહ્યું કે અમારામાંથી કેટલાકે અલગ વલણ અપનાવ્યું છે. અમારા કેટલાક શુભેચ્છકો એ જોવાનો પ્રયાસ કરી રહ્યા છે કે શું અમારા વલણમાં કોઈ ફેરફાર થઈ શકે છે. એટલા માટે તેઓ સૌહાર્દપૂર્ણ ચર્ચા કરવાના પ્રયાસો કરી રહ્યા છે. અજિત સાથેની મુલાકાત અંગે શરદ પવારે કહ્યું કે, હું તમને એક હકીકત જણાવવા માંગુ છું કે, તે મારો ભત્રીજો છે. ભત્રીજાને મળવામાં શું ખોટું છે ? જો પરિવારનો કોઈ વરિષ્ઠ વ્યક્તિ પરિવારના અન્ય કોઈ સભ્યને મળવા માંગે છે, તો તેમાં કોઈ સમસ્યા ન હોવી જોઈએ.અગાઉ શરદ પવાર અને એનસીપીના બળવાખોર જૂથના નેતા અજિત પવાર વચ્ચે પુણેમાં યોજાઈ હતી, જેના કારણે મહારાષ્ટ્રમાં રાજકારણ ગરમાયું હતું. પુણેની બેઠક અંગે એનસીપીના રાજ્ય એકમના પ્રમુખ જયંત પાટીલે કહ્યું કે, પાર્ટીના સ્થાપક અને તેમના ભત્રીજા વચ્ચે શું થયું તે અંગે તેઓ જાણતા નથી અને તે કોઈ ગુપ્ત બેઠક નહોતી.ઉલ્લેખનિય છે કે, શનિવારે પુણેમાં શરદ પવાર અને અજિત પવાર વચ્ચે એક બિઝનેસમેનના આવાસ પર મુલાકાત યોજાઈ હતી. સૂત્રો મુજબ શરદ પવાર શનિવારે બપોરે ૧ વાગે કોરેગાંવ પાર્ક વિસ્તારમાં બિઝનેસમેનને ત્યાં પહોંચ્યા હતા અને સાંજે ૫ વાગ્યે તેઓ પરત ફર્યા હતા. ત્યારબાદ ૨ કલાક બાદ સાંજે પોણા સાત વાગે અજિત પવાર પણ પરિસરમાંથી બહાર નિકળતા જોવા મળ્યા. આ બંનેની મુલાકાત બાદ મહારાષ્ટ્રના રાજકારણમાં ફરી ગરમાયું હતું. જોકે આ બાબતે શરદ પવારે સ્પષ્ટતા કરતા કહ્યું કે, તે મારો ભત્રીજો છે. ભત્રીજાને મળવામાં શું ખોટું છે ? જો પરિવારનો કોઈ વરિષ્ઠ વ્યક્તિ પરિવારના અન્ય કોઈ સભ્યને મળવા માંગે છે, તો તેમાં કોઈ સમસ્યા ન હોવી જોઈએ.

## અહેમદ પટેલનાં દીકરી લોકસભા ચૂંટણી લડવા તૈયાર

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજયના શહેરી વિસ્તારોમાં માર્ગ-રોડ રસ્તાના કામો માટે શહેરી વિસ્તારના ધારાસભ્યોને રૂ. બે કરોડની ગ્રાન્ટ ફાળવવાનો નિર્ણય કર્યો છે. રાજ્યના શહેરી મત વિસ્તારોનું પ્રતિનિધિત્વ કરતાં ધારાસભ્યો પોતાના વિસ્તારમાં આ ગ્રાન્ટમાંથી માર્ગ મરામત અને માર્ગ વિકાસના કામો હાથ ધરી શકે તે હેતુસર ધારાસભ્ય દિઠ રૂ. બે કરોડની ગ્રાન્ટ માર્ગ-મકાન વિભાગમાંથી ફાળવવામાં આવશે.આમ હવે શહેરી વિસ્તારના ધારાસભ્યોને ઉબડ ખાબડ રસ્તાઓને ઠીક કરવા માટે અલગથી ગ્રાન્ટ મળશે. સરકારના આ નિર્ણયને પગલે હવે શહેરના લોકો જે ખરાબ રસ્તાના કારણે હેરાન થઇ રહ્યા હતા તેમને રાહત મળશે.આગામી ૧૫ ઓગષ્ટનાં સ્વાતંત્ર્ય પર્વને લઈને દેશમાં ભારે ઉત્સાહનો માહોલ જોવા મળી રહ્યો છે. રાજકોટ મનપા દ્વારા આજે ભવ્ય તિરંગા યાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે. આ તિરંગા યાત્રા માટે બહુમાળી ભવન ચોક ખાતેથી જ્યુબિલિ રોડ સુધી કેસરી, સફેદ અને લીલો રંગ છવાયો છે.ગઈકાલે અમદાવાદમા ભવ્ય તિરંગાયાત્રા યોજાઈ.ગૃહમંત્રી અમિત શાહ અને ઝસભૂપેન્દ્ર પટેલે ફ્લેગ ઓફ કરાવી તિરંગા યાત્રાની શરૂઆત કરાવી હતી.દેશની ત્રણેય પાંખના જવાનો સહિત મોટી સંખ્યામાં લોકો આ યાત્રામાં જોડાયા હતા.. તિરંગા યાત્રા જોવા માટે લોકો પોતાના ઘરની બાલ્કની અને ધાબા ઉપર ઊભા રહી ગયા હતા. તો કેટલાક નાગરિકોએ પોતાના હાથમાં તિરંગો લહેરાવી અને તિરંગા યાત્રામાં જોડાયેલા લોકોનું સ્વાગત કર્યું હતું.રાજ્યના અનેક શહેરોમાં નિકળેલી તિરંગા યાત્રામાં હજારો ગુજરાતીઓએ ભાગ લઈને અનોખી દેશભક્તિનો પરિચય આપ્યો હતો.

## પોલીસ ઈન્સ્પેક્ટરની બદલીની શક્યતાઃશહેરના ૧૦૦ પીઆઈને લાગવગથી નહીં પરંતુ લાયકાતને આધારે પોસ્ટિંગ અપાશે

અમદાવાદમાં હાલમાં ફરજ બજાવતા ૧૦૦ પીઆઈને હવે લાગવગથી નહીં પરંતુ લાયકાતના આધારે પોસ્ટિંગ અપાશે. નવા પોલીસ કમિશનર જી.એસ.મલિકે પોલીસ સ્ટેશનો તેમજ એજન્સીમાં ફરજ બજાવતા તમામ પીઆઈ પાસે તેમના એસીઆર મંગાવ્યો છે. જેમાં દરેક પીઆઈએ કરેલી સારી કામગીરી, તેમને મળેલા ઈનામ સહિતની માહિતી આપવી પડશે. જેના આધારે પોલીસ કમિશનર જાતે જ સમીક્ષા કરીને પીઆઈને પોસ્ટિંગ આપશે.

અમદાવાદમાં સેકટર - ૧ માં ૨૬, સેકટર - ૨ માં ૨૨, ટ્રાફિકમાં ૧૪ પોલીસ સ્ટેશન છે. આ ઉપરાંત ક્રાઈમ બ્રાંચ, સાઈબર ક્રાઈમ, એસઓજી, સ્પેશિયલ બ્રાંચ, કંટ્રોલ રુમ સહિત ૧૦૦ પીઆઈની જગ્યા છે. જો કે હાલમાં તમામ જગ્યાએ પીઆઈ ફરજ બજાવી રહ્યા છે. પરંતુ ભૂતકાળમાં તમામ પીઆઈને લાગવગના આધારે પોસ્ટિંગ આપવામાં આવ્યા હતા. જે વાતની પોલીસ કમિશનર જી.એસ.મલિકે ગંભીરતાથી નોંધ લઈને તમામ પીઆઈઓની લાયકાતના આધારે નિમણૂક કરવા કાર્યવાહી શરૂ કરી દીધી છે.




અમદાવાદમાં પીસીબી પીઆઈ તેમજ પોલીસ કમિશનરના રીડર પીઆઈની જગ્યા લાંબા સમયથી ખાલી છે. આ બંન કમિશનરની નજીકના ગણાય છે. અત્યાર સુધી કમિશનર તેમના માનીતા પીઆઈને પોસ્ટિંગ આપતા હતા. પરંતુ જી.એસ.મલિક આ બંને જગ્યાએ લાયકાત મુજબ પોસ્ટિંગ આપશે.

જે પોલીસ સ્ટેશનમાં ડિટેકશનની કામગીરી ખૂબ જ નબળી છે તેમજ ગુનાનું પ્રમાણ વધારે છે. તેવા પોલીસ સ્ટેશનના પીઆઈને પોલીસ સ્ટેશન કે એજન્સીમાં સ્થાન નહીં મળે. સારી કામગીરી કરનારા પીઆઈને સારું પોલીસ સ્ટેશન અને એજન્સીમાં કામ કરવાની તક મળશે.

જી.એસ.મલિક સાઈબર ક્રાઈમ અને ક્રાઈમ બ્રાન્ચમાં ખરેખર કામ કરવા માગતા હોય તેવા પીઆઈને જ પોસ્ટિંગ આપશે અને તેમને પોસ્ટિંગ આપ્યા પછી પણ કામગીરીની રોજ રોજની સમીક્ષા કરશે.

## અંગદાન અંગે જાગૃતિઃકડી સ્વામિનારાયણ મંદિરે વિશ્વ અંગદાન દિવસે અંગદાન મહાદાનના સંદેશ સાથે વિશેષ હિંડોળા




કડી. કડીના દેત્રોજ રોડ સ્થિત મંગલમ સોસાયટી સામે નરનારાયણ દેવ સંસ્થાન કાલુપુર સંચાલિત સ્વામિનારાયણ મંદિરમાં રવિવારે વિશ્વ અંગદાન દિવસ નિમિત્તે લોકોમાં અંગદાન અંગે જાગૃતિ લાવવા અંગદાનના પ્રણેતા દિલીપભાઈ દેશમુખની વિશેષ ઉપસ્થિતિમાં અંગદાન મહાદાન થીમ પર હિંડોળાનો શણગાર કરાયો હતો. આ પાવન પ્રસંગે ભક્તલએ હિંડોળા દર્શન અને પ્રસાદનો લાભ લઈ ધન્યતા અનુભવી હતી. આ

## ગુજરાતનાં ૨ સહિત ૫૦ રેલવે સ્ટેશને જનઔષધિ કેન્દ્ર શરૂ થશે

રેલવે મંત્રાલય હવે મુસાફરોની વધુ અવરજવર ધરાવતાં રેલવે સ્ટેશન ઉપર જરૂરી યાત્રી સુવિધા અંતર્ગત પ્રધાનમંત્રી ભારતીય જનઔષધિ કેન્દ્રો શરૂ કરવા જઈ રહ્યું છે. આ માટે ગુજરાતનાં મહેસાણા અને અંકલેશ્વર એમ ૨ સહિત દેશભરનાં ૫૦ રેલવે સ્ટેશનની પાયલોટ પ્રોજેક્ટ તરીકે પસંદગી કરવામાં આવી છે, જેનો મુખ્ય હેતુ રેલવેના મુસાફરો તેમજ મુલાકાતીઓને રેલવે સ્ટેશનથી જ ગુણવત્તાયુક્ત દવાઓ તેમજ અન્ય ઔષધીય ઉત્પાદનો પોષણક્ષમ ભાવે ઉપલબ્ધ કરાવવાનો છે.

રેલવે વિભાગની માહિતી મુજબ પીએમ જનઔષધિ કેન્દ્ર ચલાવવા માટે લાઈસન્સ આપવામાં આવશે અને તેમને રેલવે સ્ટેશનમાં આવતાં અને જતાં બંને મુસાફરોને ફાયદો થાય તેવી



જગ્યાએ ફેબ્રિકેટેડ સ્ટોલ ઊભો કરવા જગ્યા આપવામાં આવશે. ઁઈઁજી દ્વારા રેલવે વિભાગોની જેમ ઈ-ઓક્શન દ્વારા સ્ટોલ ફાળવાશે. આ સ્ટોલ એનઆઇડી અમદાવાદ દ્વારા ડિઝાઈન કરવામાં આવશે.

### જાહેર રજા

સ્વતંત્રતા દિન/પર્વ નિમિત્તે તા.૧૫-૮-૨૦૨૩ના ન્યુઝ ઓફ ગાંધીનગર સંપૂર્ણ રજા પાળશે જેથી તા.૧૬-૮-૨૦૨૩ નો અંક પ્રસિધ્ધ થશે નહી તા.૧૭-૮-૨૦૨૩થી રાબેતા મુજબ અંક પ્રસિધ્ધ થશે જેની વાંચકો,વિતરકો મિત્રોએ નોધ લેવી

- વ્યવસ્થાપક

## તંત્રી લેખ......

# બેંક ફિક્સ્ડ ડિપોઝિટના વ્યાજ દરોમાં ફેરફાર કરે છે, હવે વાર્ષિક વળતર ૭.૧૦%

એક્સિસ બેંકે ફિક્સ્ડ ડિપોઝિટ (હ્લડ્ઢ) પરના વ્યાજમાં વધારો કર્યો છે. બેંકે રૂ. ૨ કરોડથી ઓછીની હ્લડ્ઢ પરના વ્યાજ દરોમાં સુધારો કર્યો છે. એક્સિસ બેંકની સત્તાવાર વેબસાઇટ અનુસાર, નવા વ્યાજ દરો ૧૧ ઓગસ્ટ ૨૦૨૩થી અમલમાં આવ્યા છે.

હવે તમને એક્સિસ બેંકમાં હ્લડ્ઢ પર ૩.૫૦% થી ૭.૧૦% વ્યાજ મળશે. હવે તમને એક્સિસ બેંકમાં ૧ વર્ષ માટે હ્લડ્ઢ પર ૬.૭૫% વાર્ષિક વ્યાજ મળશે.સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા (જીમ્ૈં)ની સ્પેશિયલ ફિક્સ ડિપોઝિટ (હ્લડ્ઢ) સ્કીમ અમૃત કલશ આ મહિને ૧૫ ઓગસ્ટના રોજ સમાપ્ત થઈ રહી છે. આ યોજના હેઠળ વરિષ્ઠ નાગરિકોને હ્લડ્ઢ પર ૭.૬૦% અને અન્ય લોકોને ૭.૧૦% વ્યાજ આપવામાં આવે છે.વ્યક્તિએ આ ફિક્સ ડિપોઝિટ સ્કીમમાં ૪૦૦ દિવસ માટે રોકાણ કરવું પડશે. આવી સ્થિતિમાં, જો તમને હ્લડ્ઢ પર વધુ વ્યાજ જોઈએ છે, તો તમે આ યોજનામાં રોકાણ કરી શકો છો. અમે તમને તેના વિશે જણાવી રહ્યા છીએ.હ્લડ્ઢમાંથી મળતું વ્યાજ સંપૂર્ણપણે કરપાત્ર છે. તમે એક વર્ષમાં હ્લડ્ઢ પર જે પણ વ્યાજ મેળવો છો, તે તમારી વાર્ષિક આવકમાં ઉમેરાય છે. કુલ આવકના આધારે તમારો ટેક્સ સ્લેબ નક્કી થાય છે. હ્લડ્ઢ પર મેળવેલ વ્યાજની આવક ×અન્ય સ્ત્રોતોમાંથી આવક× તરીકે ગણવામાં આવતી હોવાથી, તે સ્ત્રોત અથવા્ હ્વજી પર કર કપાત હેઠળ વસૂલવામાં આવે છે. જ્યારે તમારી બેંક તમારી વ્યાજની આવક તમારા ખાતામાં જમા કરે છે ત્યારે ્હ્વજી કાપવામાં આવે છે.જો તમારી કુલ આવક એક વર્ષમાં રૂ. ૨.૫ લાખથી ઓછી હોય તો બેન્કો ફિક્સ્ડ ડિપોઝિટ પર્ હ્વજી કાપતી નથી. જો કે, આ માટે તમારે ફોર્મ ૧૫ય્ અથવા ૧૫ૐ સબમિટ કરવું પડશે. આવી સ્થિતિમાં, જો તમે્ હ્વજી બચાવવા માગો છો, તો ચોક્કસપણે ફોર્મ ૧૫ય્ અથવા ૧૫ૐ સબમિટ કરો.

જો તમારી બધી હ્લડ્ઢમાંથી વ્યાજની આવક એક વર્ષમાં રૂ. ૪૦,૦૦૦ કરતાં ઓછી હોય તો્ હ્વજી કાપવામાં આવતો નથી. બીજી તરફ, જો તમારી વ્યાજની આવક ૪૦,૦૦૦ રૂપિયાથી વધુ છે તો ૧૦%્ હ્વજી કાપવામાં આવશે. પાન કાર્ડ ન આપવા પર બેંક ૨૦% કપાત કરી શકે છે ૪૦,૦૦૦ રૂપિયાથી વધુની વ્યાજની આવક પર ટીડીએસ કાપવાની આ મર્યાદા ૬૦ વર્ષથી ઓછી ઉંમરના લોકો માટે છે. તે જ સમયે, ૬૦ વર્ષથી વધુ વયના વરિષ્ઠ નાગરિકોની હ્લડ્ઢમાંથી ૫૦,૦૦૦ રૂપિયા સુધીની આવક કરમુક્ત છે. જો આવક આનાથી વધુ હોય તો ૧૦%્ હ્વજી કાપવામાં આવે છે.

# ઝેરના ભાવ વધશે તો કોઇ સાંસદ સંસદમાં વિષપ્રાશન કરશે? રાજુ રદીનો સવાલ

" હા, ધિક છે! ધિક્કાર છે! લ્યાનત છે!" રાજુ રદીને દુર્વાસા મુનિ જેવો ક્રોધ ચડ્યો હતો. રાજુ રદી કૌશિક મુનિ જેવી કાતિલ નજરથી મને અપલક નિહાળી રહ્યો હતો. માનો કે હું બગલી હોઉને બળીને ભસ્મ થઈ જઉં. રાજુ રદી પગ પછાડતો પછાડતો ધમધમ કરતો મારા ઘરના દરવાજાને જંજીર ફિલ્મમાં અમિતાભ ખુરશીને લાત મારીને વિલનને બેસવા દેતો નથી તેમ લાત મારીને પ્રવેશ કર્યો. ( આડ વાત એ છે કે કેબીસીમાં વિલનોને-કોઇ પણ પ્રકારના હોય તેને આદરપૂર્વક હોટ સીટ પર બેસાડીને સવાલજવાબ કરે છે!!)

" છોકરીના બાપને ધિક્કાર નહીં. દીકરીનો બાપ સહાનુભૂતિને પાત્ર છે! દીકરીનો બાપ જાણી જોઇને દીકરીને તારા જેવા કૂવામાં ધકેલે નહીં તે ન્યોયોચિત છે!" મેં આજીવન વાંઢા રાજુની દુખતી નસ પર હાથ મુકયો.( બાય ધી વે કુંવારા અને વાંઢામાં ફરક છે. કુંવારાનું લગ્ન થવાની પ્રોજજવસ સંભાવના-શક્યતા રહેલી છે. જયારે વાંઢાના કેસમાં લગ્નની આશા નાભિ શ્વાસ પર હોય છે!!)

" ગિરધરભાઇ.નો પર્સનલ મેટર , પ્લીઝ!" બાજપાઇ જેવી લાચારી દર્શાવી.

"રાજુ. ઓકે યુધ્ધવિરામ." મેં રાજુને ક્ષમા વિરસ્ય ભૂષણમ જેવી ઉદારતાથી માફ કર્યો.

" રાજુ તું કોને ધિક્કાર કહેતો હતો? ઝેલેન્સકીને??"મેં પૂછયું.

"ના." રાજુએ હાઇકુ જેવો લાઘવયુકત જવાબ આપ્યો.

"પુતિન?"

"ના" બાઇડન , જીનપિંગ?"

"ના"

નિતિશકુમાર?"

"ના. ભાઇ ના" રાજુએ કંટાળીને કહ્યું.

" ગિરધરભાઇ, સંસદમાં કંઇ વસ્તુ ખાઇ શકાય?"રાજુએ સવાલ કર્યો.

"રાજુ. સંસદમાં પગાર, ભથ્થા, એલાઉન્સ, વિકાસની ગ્રાંટ, મફત વિમાની પ્રવાસીની ટિકિટ ખાઇ શકાય." મેં થોડી સમજ આપી.

"વધારે?" રાજુએ સવાલ પૂછયો.

" સંસદમાં બગાસા ખવાય.છીંક ખવાય. ઉધરસ ખવાય.ઝોંકા ખવાય. શાસકપક્ષનું માથું ખવાય.ધોખો ખવાય." મેં કહ્યું!!

"હમણા સંસદમાં ગજબ થઇ ગયો. એક માથાફરેલ મહિલા સાંસદે સંસદમાં કાચુ રીંગણ ખાધું . બેશરમે સ્પીકર કે પીએસને રીંગણ પણ ઓફર ન કર્યું. માની લઈએ કે સંસદ તો સાથે બેસીને ખાવાની ( બીજું આડુંઅવળું તમારા ખર્ચે અને જોખમે વિચારવાની માપસરની છૂટ છે.★ શરતો લાગુ! આપણે પગાર-ભથ્થા સૌનો સાથ સૌનો વિકાસ ફોર્મ્યુલા મુજબ સર્વાનુમતે વિના વિરોધે વધારી છીએ કે નહીં? )જગ્યા છે. પણ રાજકીય શિષ્ટાચાર નામની ચીજ હોય કે નહીં?? ?બાય ધી વે, રીંગણ ખાવા માટે સંસદના કયા નિયમ હેઠળ નોટીસ આપવી જરૂરી છે? વગર નોટીસે બાપાના બેન્કવેટ હોલની જેમ સંસદમાં રીંગણ ખાવાથી વિશેષાધિકાર ભંગ થાય કે નહીં? બિનસંસદીય શબ્દોના ઉચ્ચારણના કેસમાં રેકર્ડ તપાસીને શબ્દો રેકર્ડ પરથી દૂર કરવામાં આવે છે.રીંગણના કેસમાં રીંગણનું ડીંટીયું બચ્યું હશે તો તેને રેકર્ડ પરથી કંઇ રીતે દૂર કરી શકાશે?"મેં કેટલાક એહમ સવાલ ઉઠાવ્યા.

" ગિરધરભાઇ. એ મહિલા સાંસદ રાષ્ટ્રવાદ, રાષ્ટ્રપ્રેમ કે આઝાદીના અમૃતમહોત્સવ કે એક રાજય ગુંડા મવાલીના ગંદા હાથમાંથી છૂટી લોકશાહી દ્રઢ થઇ એની વાત કરવાના બદલે ગેસ સિલિન્ડરના વધેલા ભાવ જેવા ક્ષુલ્લક મુદો ઉઠાવી લોકોએ રાંધેલી રસોઈને બદલે કાચું ખાવાની નોબત આવી છે એવું ઠસાવવા માંગે છે. હકીકતમાં તમામ રોગોનું કારણ વિરૂધ્ધ આહાર છે. રાંધવાને લીધે પોષક તત્વો નાશ પામે છે. વધારામાં ગેસ, મરી મસાલા, તેલ , બળતણ પાછળ ફિજુલ ખર્ચ થાય છે. મોલમાંથી લુજ-અનપેકડ લોટ લઇ આવો( લોટ લુજ હોવાથી જીએસટી નહીં લાગે! લો બચત થઇ ગઇ. લો બલ્લે બલ્લે હો ગઇ!!)અને લોટ ફાંકો.લોટ ફાંકતી વખતે હસવાની મનાઇ નથી, પરંતુ,તેનાથી જે પરિસ્થિતિ સર્જાય તેની જવાબદારી જ તે વ્યકિતની રહેશે ." રાજુએ મહિલા સાંસદની વર્તણૂકનું એનાલીસીસ કર્યું.

"રાજુ. તે નોટીસ કર્યું હશે કે તુવેરદાળ , ટમેટા, પેટ્રોલ, ડિઝલ, સિલિન્ડર, ચણાદાળ, લોટ, કોથમીર,લીંબુ વગેરેના ભાવો વધે તો સૌ હોબાળો કરે છે. પણ ઝેરના ભાવ વધે તો કોઇ હોહા કેમ કરતું નથી. ઝેરના ભાવો વધે તો સંસદમાં કેમ ધરણા પ્રદર્શન કરતું નથી??"મે રાજુને વેધક સવાલ કર્યો.

" ગિરધરભાઇ પેલા મહિલા સાંસદ ઝેરના ભાવ વધશે તો સંસદમાં વિષપ્રાશન કરશે ખરા??" આમ કહીને રાજુ રદીએ વિપક્ષની જેમ વોકઆઉટ કર્યું!!

# સુખચેન

સૌ કોઇ બોલે એનઘેન દીવા ઘેન,
ચાલીસીએ ચડે ફ્લર્ટિંગનું વેન.

હું ઘરનો ભાર ઉપાડનાર ખચ્ચર?
સૌ સમજે ગુડઝ કેરિયર વેન.

ઘરની બહાર સુંદર સારસીઓ જોઇ,
સૌ કોઇ બનવા ઇચ્છે સારસ- કેન.

આંખથી રૂપ પીવા સિવાય શું થઇ શકે?
લાલ લૂગડાવાળી પાછળ લગાડે લેન!!

રાતે ડાબે જમણે પડખા ઘસ્યા કરે,
ઉંઘ વેરણ બને,છીનવાય સુખ ચેન!!

ભરત વૈષ્ણવ

## ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા- આયોજક : પ્રદીપ રાવલ










★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

NOG NO. 0059
વિષય: પંદરમી ઓગષ્ટ
શીર્ષક: 'જાગો...દેશભકતો'.
શબ્દો ૩૪૫.
લેખક:જયકાન્ત ઘેલાણી ★પ્યારે★

પ્યારા દેશવાસીઓ ,
સમગ્ર સૃષ્ટી ઉપરની તમામ જીવંત જીવ સૃષ્ટી , જીદગીભર સ્વતંત્ર રહેવા જ ઈચ્છતી હોયછે, અને દરેક જીવ સૃષ્ટી નો તે અબાધીત અધિકાર પણ છે,

સોનેરી વાદળને કાળી કોર
સમાન, મન ની તૃષ્ણા, ભણેલા અને બળીયાના બે ભાગ લેવા ઈચ્છતા લાલચુ માનવીઓ આજના યુગમા પણ પક્ષી, પશુઓ, તેમજ મનુષ્ય ને પણ ગુલામીની જંજીરમા જકડી રાખેછે, જકડી રાખવા ઈચ્છેછે,આ છે પોતાને સુધરેલા ગણતા માનવની હલકી મનોદસા!
એક દેશ, બીજા દેશની ભૂમી હડપ કરવાની પેરવીમાં છે,
આજે અનેક દેશ હોડ માં જોડાયા છે ,અને તેનું ખતરનાક પરિણામ યુધ્ધ !અને વિશ્ર્વની પ્રજા અનુભવી રહીછે.
ગઈ પંદરમી ઓગષ્ટ ના રોજ આપણે આઝાદી નો અમૃત મહોત્સવ આનંદ ઉલ્લાસથી મનાવયો મનાવ્યો,

બસોવર્ષની ગુલામી ભોગવી આપણે આજની આઝાદી મેળવવા, લાખો લોકોએ સ્વેચ્છાએ લડાઈમાં પોતાના જાન ની કૂરબાની આપીછે તેનો રાજકિય લાભ મેળવવા કોગ્રેસી
નેતાઓ એ વિદ્રોહી ને ચગાવ્યા, તેનું ફળ આપણે આજે ભોગવી રહ્યા છીએ.
નહેરુ-ગાંધી પરિવારની બેવફાઈ ! કોગ્રેસની લૂચાઈ! અને આપણો ખોટા સિક્કા ઉપરનો આંધળો ભરોસો જ આપણી ભૂલનું પરિણામ ?
ખેર! ઉગેલા કાંટાઓને;અને પરિવારવાદને, જડમૂળમાંથી દૂર કરવા આપણે સૌએ ભારતીય જનતા પાર્ટીને વિરાટ બહુમતિ થી ફરી સતા આપી, આંતર રાષ્ટ્રીય નેતા અને આપણા લાડલા, રાષ્ટ્રપ્રેમી વડાપ્રધાન, શ્રીનરેન્દ્રભાઈ મોદી નુ અને આપણુ વિકાશશીલ,
★હિન્દુ રાષ્ટ્ર★ નુ સ્વપ્ન સાકાર કરવા, ને આગળ વધવા છૂટો દોર આપી, આપણી રાષ્ટ્રીય ભાવનાને આગળ વધારિશુ.

ગાંધીબાપુ, લોખંડી પુરૂષ સરદાર
વલ્લભભાઈ પટેલ, લાલ બાલ ને પાલ ની ત્રિપુટીબંધૂ, નેતાજી
સુભાષચંદ્ર બોઝ, તેમજ અનેક
નામી- અનામી લાખો શહિદોની શહાદત બાદ આપણે આ મહામૂલી આઝાદી મેળવવા શક્તિમાન થયા હતા તો હવે તેને ટકાવી રાખવા, ઘરના જ દૂસ્મનો તેમજ આપણા જ દેશ મા રહી અન્ય દેશનુ ભલુ ઈચ્છતા બહારના રહેવાસીઓથી, વધુ સાવધ રહેવાની જરુર રહેછે અને ,
સમય આવ્યે હલકી મનોવૃતી ધરાવતા ને સારો બોધપાઠ
આપવા, કેશરિયા કરવા કમર કશી તૈયાર રહેવાનુછે.
આ માતૃભૂમીનૂ આહવાન છે.
પ્યારે',હાકલ પડીછે,માતૃભૂમીની,
ઉઠો, જાગો,તૈયાર રહો રક્ષા માટે.

જયહિદ વંદે માતરમૃ
જય જવાન જય કિશન

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

NOG NO. 0112
વિષય: પંદરમી ઓગષ્ટ
શીર્ષક: ' દીઠો આઝાદીનો રંગ '.
પ્રકાર : પદ્ય
લેખક: રાજેશભાઇ એસ વ્યાસ

હે એવા રક્ત ટપકતી, એ,અંગોની રગો માં, જોયો આઝાદીનો રંગ,,,,
હો રાજ,અમે,,, દીઠો આઝાદીનો રંગ,,,,,,,
સુની ડેલી એ, ઉભી એ,સુની માવલડીના,સુના હૃદય માં, ભાળ્યો આઝાદીનો રંગ,,,
હો રાજ અમે દીઠો આઝાદીનો રંગ,,,,,
હે એવી ભાર્યાના, ભૂખ્યા બાલુડા ના,ભોળા હૃદય માં,,,
દીઠો આઝાદીનો રંગ,,,,, હો રાજ,,, અમે દીઠો આઝાદીનો રંગ,,,,,,,,
એવી લાડકડી દીકરીની, પ્યારી વાણી માં, અમે ભાળ્યો આઝાદીનો રંગ,,,,, હો રાજ અમે દીઠો આઝાદીનો રંગ,,,,,

હે એવા ફાંસીના, માચલડે લટક્યા એ, શહીદની કાયા માં, જોયો આઝાદીનો રંગ,,,,, હો રાજ,,,,, અમે ભાળ્યો આઝાદીનો રંગ,,,,,
એની માતાના, ધાવણના ધોળા દૂધલડા માં, ભાળ્યો આઝાદીનો રંગ,,,,,

હો રાજ અમે દીઠો આઝાદીનો રંગ

હે એવા લહેરાતા, ત્રિરંગાના એ ત્રણે રંગો માં, દીઠો આઝાદીનો રંગ,,,,, હો રાજ,,,,, અમે દીઠો આઝાદીનો રંગ,,,,
હે " રાજ " શહીદ વીરોની, એ નિતરતી લાશો માં,,,, ભાળ્યો આઝાદીનો રંગ,,,,,, હો રાજ અમે દીઠો આઝાદીનો રંગ
હો રાજ અમે દીઠો આઝાદીનો રંગ,,,,
રચના,,,,,
રાજેશભાઇ એસ કુકરવાડિયા,
( વ્યાસ ) ધ્રુવનગર,,,, મોરબી
જયહિદ વંદે માતરમ

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

ગઝલ: ત્રિરંગો

અનેરા ત્રિ-રંગો ,રચાવે ત્રિરંગો,
સદા શૌર્ય સંગે,જીતાવે ત્રિરંગો.

ખુમારી ગજબ રાખતાં જ હદયે ,
રજસ કેસરીયો ગજાવે ત્રિરંગો.

સફેદીમાં શુભતા રહે આત્મ ભાવે,
પ્રકાશિત એ ભારત કરાવે ત્રિરંગો.

હરિત ક્રાંતિ લાવે ધરા પુત્ર કાયમ,
સદા પેટ ઠારી ,હસાવે ત્રિરંગો.

સમય ચક્ર દર્શન રહ્યું છેક મધ્યે,
ગહન ગતિ રહસ્યો જણાવે ત્રિરંગો.

ધર્યો દંડ ધારણ,અહીં ધર્મ કાજે,
સદા ધૈર્ય સંયમ રખાવે ત્રિરંગો.

સફળ ચંદ્રયાને છે આનંદ ઈસરો,
અનેરો જ મોભો ધરાવે ત્રિરંગો.

મોહનભાઈ આનંદ

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

NOG SS No: 120
પ્રકાર: પદ્ય
વિષય : દેશ ભક્તિ
શીર્ષક : ભારત માતા

નામ : ડૉ રમીલા ડી મકવાણા ★રમા★
લાડુલા તા ભાભર જિ બનાસકાંઠા

★ભારત માતા★

મેરી મિટ્ટી મેરા દેશ ભારત માતા,
જાતભાતનો દેશ ભારત માતા.

લઈએ સૌ ગૌરવ ભારત માતા,
મારા દેશની શાન ભારત માતા.

ઉત્તરમાં હિમાલય ભારત માતા,
દક્ષિણમાં રામેશ્વર ભારત માતા.

પૂર્વે કુદરતી વનરાઈ ભારત માતા,
પશ્ચિમે મહાસાગર ભારત માતા.

મધ્યમાં કૃષ્ણ-રામ ભારત માતા,
ગંગા યમુના નદીઓ ભારત માતા.

ભારત કલા વારસો ભારત માતા,
વિવિધતામાં એકતા ભારત માતા.

પશુ-પક્ષી મુક્ત વિહરે ભારત માતા
પ્રાણથી પ્યારો આ દેશ ભારત માતા,

મારા દેશની માટીનું ગર્વ ભારત માતા,
માટી મહાન બનાવે દેશ ભારત માતા.

(ભારત માતા ને વંદન)

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

૧૫ મી ઓગસ્ટ
સ્વાતંત્ર્ય દિવસ

આપણા ભારતમાં પ્રતિવર્ષ ૧૫મી ઓગષ્ટ સ્વાતંત્ર્ય દિવસ ઉજવવામાં આવે છે.
ભારતની આઝાદીની વાત કરીએ તો અંગ્રેજોએ ભારત ઉપર સદીઓ સુધી રાજ કર્યું અને હિન્દુસ્તાન ની સાથે હિન્દુસ્તાનીઓને ગુલામીની જંજીરોમાં જકડી રાખ્યા. આ સાથે યાતનાઓ પણ આપવાનું બાકી નતું રાખ્યું. અસહ્ય વેદના માનસિક હેરાનગતિ ગુલામી માં જકડી રાખેલા. ભારતવાસીઓ તે સમયે કાળમાં કાળના ખોડીયોમાં જીવતા હતા પરંતુ અનેક આપણા શૂરવીર ક્રાંતિકારી સિપાહી અરાજકતા સામે લડત આપી ભારત દેશને ૧૯૪૭ માં આઝાદ કરાયું ત્યારથી દર વર્ષે ૧૫મી ઓગસ્ટ સ્વાતંત્ર્ય દિવસ તરીકે ઉજવવામાં આવે છે અને સમગ્ર ભારતમાં રાષ્ટ્રધ્વજ ફરકાવવામાં આવે છે આન બાન શાન સાથે.. આ સાથે આપણે તેઓને પણ ભૂલી ન જવા જોઈએ કે આ આઝાદી અપાવવા પાછળ ભગતસિંહ, ચંદ્રશેખર આઝાદ, સુખદેવ, સુભાષચંદ્ર બોઝ સાથે સાથે ક્રાંતિવીર વિરોએ પોતાનાં જીવ જોખમે પોતાના સુખ ચેન શાંતી સમૃદ્ધિ ને મૂકી ને પ્રાણોની આહુતિ આપી હતી.
અહિંસાના પૂજારી એવા મહાત્મા ગાંધી શાસ્ત્રીજી, દાદાભાઈ નવરોજી, ભિખાયજી કામા, લાલા લાજપતરાય, રાજેન્દ્ર પ્રસાદ, સરદાર વલ્લભભાઈ પટેલ જેવા નામાંકિત લોકોને ઓળખીએ છીએ પણ તે પહેલા આ લોકોએ કુરબાની આપી હતી.
આવી કુરબાની અને સહાદતના કારણે આજે આપણે શાંતિથી શાંતિનો શ્વાસ લઈ શકીએ છીએ. સમાજના દરેક વર્ગ અને દેશના દરેક ભાગમાંથી લોકોએ આઝાદી માટે ચળવળ કરી ભાગ લીધો હતો તો આપણે આ મહાન આત્માઓને કેમ ભુલાય... ભારતને અંગ્રેજો ની જોહુકમી દમનકારીથી છુટકારો મેળવવા આ લોકોએ એક મહાન ભૂમિકા ભજવી હતી.
આજના દિવસ રાષ્ટ્રીય રજા મનાવવામાં આવે છે.આજના દિવસે અલગ અલગ સંસ્કૃતી કાર્યક્રમ સાથે સંસ્થાઓમાં, સરકારી કચેરીઓમાં ગામ મહોલ્લા શહેરમાં રાષ્ટ્રધ્વજ ફરકાવી સ્વાતંત્ર્ય દિવસનો રાષ્ટ્રગીત વગાડી આનંદ મેળવવામાં આવે છે અને આ સાથે ભારતના દિલ્હીમાં લાલ કિલ્લા ઉપર પ્રાઈમ મિનિસ્ટર દ્વારા સ્વતંત્ર દિવસ અંગે પ્રવચન આપવામાં આવે છે અને રાષ્ટ્ર ધ્વજ ફરકાવવામાં આવે છે
આભાર - નિહારીકા રવિયા અને આપણા રાષ્ટ્રપતિ પણ આ સ્વાતંત્ર્ય દિવસ ઉપર આ વિષય અંગે તેઓ પણ એમનું સંબોધન કરે છે. અને તોપો દ્વારા ૨૧ ગોળી છોડી સ્વાતંત્ર્ય દિવસનું સન્માન કરવામાં આવે છે.
ભારત એક લોકશાહી રાષ્ટ્ર હોવાથી ભેદભાવ વગર વિવિધ પ્રકારના આજે કાર્યક્રમ ઓજાય છે. આજે ભારત વિશ્વમાં વિશ્વ ગુરુની મહાન ભૂમિકા ભજવી રહ્યું છે ૧૬ કળાએ કમળ સમાન આજ ભારત ખીલી ઉઠ્યું છે.
આજે તમામ સ્વાતંત્ર્ય ક્રાંતિકારી શૂરવીરોને ન ભૂલી એમના સંઘર્ષ ગાથાને યાદ કરી એક સાથે મળી આ મહાન આત્મ સેનાનીઓને ભાવપૂર્ણ હદય થી નમન કરીએ ....
જયહિન્દ જયજવાન જયકિસાન
ભારત માતાકી જય
ડો. કનૈયાલાલ માલી

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

NOG SS No : 0078
પ્રકાર - પદ્ય છંદોબદ્ધ કાવ્ય)
સ્વાતંત્ર્ય દિવસ નિમિત્તે
શીર્ષક - વંદેમાતરમ્

★વંદેમાતરમ★

તારે ખોળે જન્મ્યાનું લઉં અભિમાન, કહો વંદેમાતરમ્;
મા ભારતિ, આ ધરતી પરની તું શાન, કહો વંદેમાતરમ્.

કોનામાં છે હિંમત તારું નાક લઈ જાય, કરી આક્રમણ?
કાશ્મીર કાજે દુશ્મનને દઉં આહ્વાન, કહો વંદેમાતરમ્.

તિરંગી સાડીમાં તન વિંધાતું કોના કોનાથી પણ?
પોતિકાઓ ન કરો માનું અપમાન, કહો વંદેમાતરમ્.

ગાંધીબાપુ, સરદાર, ભગતસિંહ, લક્ષ્મીબાઈ હતાં કેવાં?
રામ કિશન એ અહીં અવતરતા ભગવાન, કહો વંદેમાતરમ્.

આયુર્વેદ, વેદધરમ,શાસ્ત્ર મહાન કશે બીજે ક્યાં મળશે?
"શ્વેતા" ભારતદેશ ઘણો છે ધનવાન, કહો વંદેમાતરમ્.

- શ્વેતા તલાટી

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

NOG SS NO 149
વિષય સ્વતંત્રતા દિવસ
પ્રકાર ગદ્ય
શીર્ષક આઝાદી
શબ્દો ૩૦૦
નામ પલ્લવી જોશી સરિતા
સ્વતંત્રતા દિવસ

આપનો ભારત દેશ ઈ.સ ૧૯૪૭ ના વર્ષમાં આઝાદ થયો હતો ૧૫ મી ઓગસ્ટના દિવસે એટલે ત્યારથી આપણે દર વર્ષે ૧૫મી ઓગસ્ટ આપણો સ્વતંત્રતા દિવસ ઉજવીએ છીએ તેને રાષ્ટ્રીય રજા માનવામાં આવે છે અને તમામ સંસ્થાઓ રાષ્ટ્રધ્વજ ફરકાવે છે અને દેશભરમાં સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરે છે આ દિવસ સમગ્ર દેશમાં રાષ્ટ્રવાદ અને દેશભક્તિની લાગણી પ્રજ્વલિત કરવા માટે ઉજવવામાં આવે છે.

જ્યારે ભારત ગુલામીની સાંકળોથી બંધાયેલું હતું અંગ્રેજોના શાસનમાંથી બચવા આઝાદ થવા ઘણી બધી યાત્રાઓમાંથી છૂટવા આપણા દેશના લોકોએ આઝાદી મેળવવા ગાંધીજીની આગેવાની હેઠળ અને કાંદોલનો કર્યા. એમાં અનેક દેશભક્તોએ પોતાના જીવના બલિદાનો આપ્યા. આખરે ૧૫ ઓગસ્ટ ૧૯૪૭ ના દિવસે આપણો દેશ આઝાદ થયો. દેશના લોકોએ આઝાદીનો આનંદ બનાવ્યો ત્યારથી દર વર્ષે આ દિવસ ખૂબધામધૂમથી ઉજવાય છે સ્વતંત્રતા દિવસે આપણા દેશનો જન્મદિવસ છે સ્વતંત્રતા દિવસે આપણા દેશ માટે સકારાત્મક ઘટના છે કારણ કે આ દિવસે આપને બ્રિટિશ શાસનમાંથી મુક્ત થયા હતા તે સમગ્ર દેશમાં વિવિધ વ્યક્તિઓને એક કરે છે.

આ દિવસે સવારે જાડા કોલેજોમાં ધ્વજ વંદનનો કાર્યક્રમ રાખવામાં આવે છે રાષ્ટ્રધ્વજ ફરકાવવામાં આવે છે રાષ્ટ્રગીત ગાવામાં આવે છે મીઠાઈ વહેંચવામાં આવે છે ઘણી સરકારી અને સાર્વજનિક સંસ્થાઓમાં પણ ધ્વજવંદનનો કાર્યક્રમ યોજે છે દિલ્હીમાં આપણા વડાપ્રધાન લાલ કિલ્લા પર રાષ્ટ્રધ્વજ ફરકાવે છે અને રાષ્ટ્રને સંબોધે છે કેટલાક શહેરો અને ગામોમાં પ્રભાતફેરી કાઢવામાં આવે છે દેશભક્તિના ગીતો અને દેશભક્તિના નારાઓથી આખો દેશ ગુંજી ઊઠે છે દેશની આઝાદી માટે કુરબાન થયેલ શહીદોને વડાપ્રધાન શ્રદ્ધાંજલિ આપે છે.

સુરક્ષા દળો દ્વારા પરેડનું આયોજન કરવામાં આવે છે ૧૫ મી ઓગસ્ટે આપણા ભારતીયો માટે ખૂબ જ મહત્વપૂર્ણ તહેવાર છે ભારતનું માથું ઊંચું રાખવા માટે અનેક દેશભક્તોએ તેમના માથા કાપી નાખ્યા આમાં આપણા ઘણા બહાદુર નેતાઓ અને સિપાહીઓના જીવનનું બલિદાન આપ્યું હતું બધા દેશભક્તો માનતા હતા કે જો તે ગુલામ રહેશે તો આગળની પેઢી પણ ગુલામ રહેશે એટલે એમને પોતાનું જીવ આપી દીધો. આપણા દેશના મહાપુરુષો ન તો એમના પ્રેમનો તો પરિવાર જોયો ન પોતાનું જીવન જોયું પોતાના જીવનનું સમર્પણ કરી દીધું હતું તેઓએ તેમની યુવાની તેમની વૃદ્ધાવસ્થા આઝાદી માટે આપી શહીદો આપના માટે ભગવાનથી ઓછા નથી આપનો તિરંગો એકતાનું પ્રતીક છે આપણો દેશ લોકશાહી છે સ્વતંત્ર દેશ છે આપને લોકશાહી દેશમાં રહીએ છીએ આપને લોકશાહી દેશના નાગરિક છીએ.

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

NOG SS No : 109
વિષય :-સ્વતંત્રતા

પ્રકાર :-પદ્ય

સ્વતંત્રતા

મુક્ત થઈ ગયો
જકડયો
લકીરોમાં
તું
ને માણસ બની ફાટ્યો
જાણે તેજ
મૂલ્કને મુક્ત કર્યો ના હોય ?
તે તારું ખૂન માતૃભૂમિની ગોદમાં વહાવ્યું છે?
કયાંરે કલ્પના કરી છે આઝાદીની?
તારામાં ગોળી ખાવાની તાકાત હતી?
આઝાદીનો અર્થ પણ તું જાણતો નથી
એટલે તું શહીદી પર હસે છે
આ ત્રિરંગો ફરકે આસમા
ને બધાથી ઊંચે
છતા તું ના સમજયો
સ્વતંત્રતા
કેમકે લાહીનું મૂલ્ય લાહી રેડનારને ખબર હોય
તને કયાંથી?

બાબુ સંગાડા "મહેક"
હાલોલ

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

NOG SS No : 0110
વિષય : સ્વાતંત્ર્ય દિવસ ૧૫ ઓગસ્ટ
પ્રકાર : મૌલિક લેખ
શીર્ષક : 'સ્વાતંત્ર્ય દિવસની સાચી ઉજવણી'
શબ્દો : ૩૪૭

૧૫ ઓગસ્ટ ૨૦૨૩ના દિવસે આપણે સહુ ભારતવાસીઓ દેશના ૭૭મા સ્વાતંત્ર્ય દિવસની ઉજવણી કરીશું. સ્વાભાવિક રીતે આ એક ગૌરવવંતો દિવસ છે. ૧૯૪૭ના વર્ષમાં આ દિવસે અંગ્રેજોના શાસનમાંથી દેશ સ્વતંત્ર થયો. લોકોએ સેવેલા સ્વતંત્ર ભારતના સોનેરી ભવિષ્યના સપનાઓને મૂર્તિમંત કરવાનો અવસર આવ્યો. જૂની પેઢી તો સ્વાતંત્ર્ય સંગ્રામમાં અંગ્રેજોના દમન તથા શહીદોના બલિદાનોથી વાકેફ હતી, તેથી મળેલ સ્વાતંત્ર્યની ચૂકવેલી કિંમતથી તેઓ અવગત હતા.

૭૭મા સ્વાતંત્ર દિવસની ઉજવણી વખતે ખાસ કરીને બે મુદ્દાઓ ઉપર વિચાર કરવાની જરૂર છે. એક એ કે, નવી પેઢી અને આવનારી પેઢી બંનેને દેશને મળેલ આઝાદીની સાચી કિંમત સમજાવવી અને તેમને આઝાદીના રખેવાળ બનાવવા. બીજું એ કે, નવી પેઢી અને આવનાર પેઢી બંને માટે આવનાર વર્ષોમાં દેશને ખરા અર્થમાં ઉન્નત બનાવવા માટે એક વૈચારિક માર્ગદર્શિકાનો પરિચય કરાવવો અને તેમના આચરણમાં ઉમેરવું. આ બંને બાબત આઝાદ ભારતની ગરિમા સાચવવા માટે અને તેની ઉન્નતિ માટે ખૂબ જ મહત્વની બની રહેશે.

માત્ર શિક્ષણ અને નાટક કે ફિલ્મો નવી પેઢીને દેશની આઝાદી વિશે માહિતગાર નહીં કરી શકે. જૂની પેઢી, જે દેશના સ્વાતંત્ર્ય સંગ્રામ અને શહીદોના બલિદાનનોની સાક્ષી છે અને આજની પેઢી જે કંઈક અંશે દેશની આઝાદીની લડતથી માહિતગાર છે, તેમણે ભેગા મળીને નવી પેઢીને મેળવેલ આઝાદીની સાચી કિંમત સમજાવવાની પ્રાથમિક ફરજ નિભાવવી જોઈએ. જ્યારે પાશ્ચાત્ય સંસ્કૃતિ અને પશ્ચિમના દેશોનો વૈભવ નવી પેઢીને લલચાવી રહ્યા છે, ત્યારે આઝાદીનો ઈતિહાસ, આપણી યુગો પુરાણી સર્વસ્વીકૃત સંસ્કૃતિ અને દેશના કુદરતી વૈભવથી નવી પેઢી અને આવનારી પેઢી બંનેને અવગત કરાવવાની તાતી જરૂર છે.

કોઈપણ દેશની વિકાસયાત્રા તે દેશના નાગરિકોની કર્તવ્યનિષ્ઠા, પ્રમાણિકતા, નીતિ અને દેશપ્રેમ ઉપર આધારિત હોય છે. દેશનો વિકાસ તેની આર્થિક ઉન્નતી ઉપર નિર્ભર હોય છે અને દેશની આર્થિક ઉન્નતી દેશની વૈજ્ઞાનિક, તકનીકી અને માળખાકીય વ્યવસ્થાઓની પ્રગતિ ઉપર આધારિત હોય છે. દેશના નાગરિકોની સક્રિયતા અને સમર્પિતતા વગર આ શક્ય ન બને. નવી પેઢીમાં આ ગુણોનું નિરૂપણ દેશની પ્રગતિને બળ આપશે.

સ્વાતંત્ર્ય દિવસ ઉપર ધ્વજ વંદન કરીને કે તેની ઉત્સાહભેર ઉજવણી કરીને સાથે સાથે નવી પેઢીને આઝાદીના બલિદાનો વિશે માહિતગાર કરીશું અને તેમનામાં જો ઉપરોક્ત ગુણો વિકસાવીશું તો તે
આભાર - નિહારીકા રવિયા દેશપ્રેમથી ભરપૂર સ્વાતંત્ર દિવસની સાચી ઉજવણી બની રહેશે.
જય હિન્દ...વંદે માતરમ્...

નિખિલ કિનારીવાળા, અમદાવાદ
૧૩ ઓગસ્ટ ૨૦૨૩

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

NOG SS NO:153
વિષયઃ "સ્વાતંત્ર્ય દિવસ" શીર્ષકઃ"સાચો સ્વાતંત્ર્ય દિવસ
પ્રકારઃગધ્ય. શબ્દોઃ ૩૪૦ લેખક નું નામઃ જિતેન્દ્ર શાહ.

આમ તો આપણાં ભારત નાં લોકો નું માનસ જ ગુલામી.પહેલાં રાજપુત રાજાઓ અંદર અંદર લડ્યાં, તેનો ફાયદો ઊઠાવી મોગલો એ રાજ કર્યું.પછી ઈસ્ટ ઈન્ડીયા કંપની સ્થાપી ઈન્ડીયા માં ધંધો કરવાં ગુસ્યાં અને પછી પગ પસારી ઈન્ડીયા પર ચડી બેઠાં.તેઓ એ આપણાં બની બેઠેલાં નેતાઓ અને તકસાધુઓ નો લાભ લઈ,જે ભારત દુનીયા માં નં.૧ કહેવાતું હતું તેને પાયમાલ કરી બધું તેમનાં દેશ ભેગું કર્યું અને કહેવાતાં નેતાઓ એ પોતાનાં ખિસ્સાં ભરવાં માટે તેમને કોથળા ભરવાં માં મદદ કરી. મારાં વિચારો પ્રમાણે આપણે "સ્વાતંત્ર્ય દિવસ"ત્યારે ઊજવાય,જ્યારે દેશ સાચાં અર્થ માં સ્વતંત્ર થાય.દેશ સાચાં અર્થ માં સ્વતંત્ર ત્યારે કહેવાય, જ્યારે(૧)દેશ નાં દરેક નાગરીક ને એક સમાન હક્ક મળે.(૨)અભ્યાસ અને નોકરી કે બીજાં કોઈ લાભો માં અનામત નહીં. દરેક નાગરીક એક સમાન.(૩)મંદિર,દેરાસર, ગુરુદ્વારા,મસ્જીદો અને દેવળ દરેક માટે એક સરખો કાયદો.અને દરેક વ્યકિત ને એક સરખો ઈન્કમટેક્ષ. ખેડુત હોય એટલે ઈન્કમટેક્ષ નહીં એ કાયદો કહેવાતાં અને કહોવાતાં નેતાઓ એ રાજકિય વગ થી "ખેડુત" નું સર્ટીફીકેટ લઈ ને કરોડો નો ઈન્કમટેક્ષ ભરતાં નથી.(૪) ખેડુતો લીંબું નાં ભાવ ના આવે એટલે નદી અને જમીન ઉપર લીંબુ ફેંકી દઈ ને જનતા ની દયા મેળવે છે,પછી એ જ ખેડુત ભાવ આવે ત્યારે એ જ લીંબુ ૨૦૦/- રુપીયે કિલો વેચી ને એ જ પ્રજા ને લૂંટે છે.આ તો બિઝનેશ છે.કો'ક વાર નફો થાય તો કો'ક વાર ખોટ.ના પોસાય તો આ ધંધો છોડી દો.(૫)રબારી,માલધારી અને ગાય-ભેંસ ચરાવનાર ગોપાલો પોતાનું જ ઘાસ,પોતાની જ ગાય- ભેંસ કે બકરી લઈ ને રોડ ઉપર ઊંભા રહેશે, અને આપણે ભોળા પ્રજાજનો ૧૦/-,૨૦/-કે ૫૦/-રુપીયાં આપી તેની પાસે ઘાસ ખરીદી ને ગાયો ને ઘાસ નાંખવા નું પુણ્ય કમાવવાં નો આનંદ માણે છે.તેમને એ ખબર નથી કે જેની ગાય-ભેંસો છે તે કરોડો રુપિયા નો માલીક છે.ટુંક માં દેશ નાં લોકો ને છેતરી ને,તેમને અંધારા માં રાખી ને લૂંટે છે તે બંધ થાય તો તમે"સ્વાતંત્ર્ય દિવસ" ઊજવવાં નાં સાચાં હક્કદાર છો. આપણે ઈચ્છીએ કે તે દિવસ જલ્દી આવે.

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

NOG SS NO 0088
વિષયઃ સ્વતંત્રતા દિવસ ૧૫મી ઓગષ્ટ
પ્રકારઃ પદ્ય
શીર્ષકઃ સરહદે વીરગતિ!
સર્જકનું નામઃ ડૉ. મનીષા પી. વ્યાસ

ચાંદ ડૂબ્યો પૂનમે ને છાયો અંધકાર માતૃભોમે,
ગ્રહ્યો, શ્વેત ચમકતી હિમાલયની સરહદે..

તરસી ચાંદની પંપાળે નિશ્ચેતન બદનને;
ધ્વજ માભોમ તણો ફાટી આંખોમાં ફરકે!

જય હિંદનો પોકાર હતો અધઃ ખુલ્લા મોંઢે,
લોહીનો રેલો દિસે, સેંથો ભર્યો પ્રિયાના લલાટે!

પોઢયો મા ખોળે બાળ; નિર્ભય સ્મિતે ચિરનિંદ્રે!
લટ કેવી ફરકે ફરફર, માના પાલવ વિંઝણે!

રાષ્ટ્રીય પર્વે મા ઊભી બાથ ભરવા લાલચોકે!
શ્વેત પરિધાને ઉભી વીર-ભાર્યા સજળ નયને!

પામી પરમવીર ચક્ર સહસા કુંખમાં બાળ ધબકે;
જુવે છબિ ચક્રમાં, ભાસે પતિ પ્રતિબિંબિત શિશુએ!

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

N.O.G S.S No. - 130
વિષય - સ્વાતંત્ર્ય દિવસ
શીર્ષક - સ્વતંત્રતા
શબ્દો - ૨૫૧
લેખક - જાનકી સોની

આપણને અંગ્રેજોથી આઝાદી તો મળી ગઈ પરંતુ શું આપણે ખરેખર અંગ્રેજોથી આઝાદ થઈ ગયા?

આઝાદી મળ્યાના સાત દાયકા બાદ પણ આપણે હજી પણ વિદેશી ચીજ-વસ્તુઓ માટે તેમજ ની વિદેશમાં વસવાટની ઘેલછામાંથી મુક્ત નથી થયા. આજે પણ સંતાનો વિદેશમાં ભણતા હોય કે નોકરી કરતાં હોય તો પરિવારજનો તેમના માટે ગૌરવ અનુભવે છે.

આપણે એક નજર કરીએ તો દર વર્ષે જે રીતે અલગ અલગ વિદ્યાશાખામાં કેટલા લોકોએ પ્રવેશ મેળવ્યો તેની માહિતી આપણને મળતી રહે છે પરંતુ સરહદ પર રાત દિવસ આપણી રક્ષા કરનાર લશ્કરી દળોમાં ભરતી થવા માટે યુવા પેઢીનો ખાસ ઉત્સાહ જોવા મળતો નથી. સ્કૂલ અને કોલેજોમાં પણ લશ્કરમાં ભરતી થવા માટે ખાસ પ્રોત્સાહિત કાર્યક્રમો યોજાતા નથી.
આઝાદ થવું અને આઝાદી મળવી એટલે શું? આજે પણ સ્ત્રીઓ ગમે તેટલું ભણી હોય કે ગમે તેટલા ઊંચા સ્થાન પર નોકરી કરતી હોય તો પણ ઘરનું કાર્ય ફક્ત સ્ત્રીઓ જ કરે એ માનસિકતામાંથી હજુ આપણે બહાર આવી શક્યા નથી. આજે પણ તાજા જન્મેલા બાળકોમાં બેબી માટે ગુલાબી કલર અને બાબા માટે વાદળી કલરની કીટ તૈયાર કરવામાં આવે છે તો એનો મતલબ કે આપણે હજું પણ સ્ત્રી-પુરુષને એક સમાન નથી ગણતા.

સ્વતંત્રતા દિવસ ઉજવવા માટે એક અઠવાડિયા પહેલા નાના મોટા તિરંગાઓ બજારમાં વેચાતા હોય છે અને સૌ હોંશભેર ખરીદે છે પરંતુ સ્વતંત્રતા દિવસની ઉજવણી બાદ એ જ તિરંગાઓ જે રીતે કચરામાં કે રસ્તામાં જ્યાં ત્યાં પડેલા હોય તો તિરંગાનું ગૌરવ જળવાતું નથી.

સ્વાતંત્રય સેનાનીઓ માટે આપણે કેટલા નાટક ભજવ્યા? કેટલી ફિલ્મો બનાવી? હાલની પેઢીને કેટલા સ્વાતંત્ર્ય સેનાનીઓ આંગળીના વેઢે ગણી શકાય એટલા નામ યાદ હશે?

આપણને સ્વતંત્રતા મળી પરંતુ આપણે એ સ્વતંત્રતાને પચાવી શક્યા છીએ ખરા?

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

NOG SS NO - 0050
વિષય - સ્વતંત્રતા દિવસ,૧૫મી ઓગસ્ટ.
પ્રકાર - પદ્ય
સર્જકનું નામ -
રાગીની શુક્લ "રાગ"

..................................... સ્વતંત્ર ભારતનાં લોકો દેશ માટે પોતાનાં પ્રાણનું ન્યોછાવર કરતાં અટકાતા નથી..!
નવી ક્રાંતિ લાવવા સદાય આગળ વધતાં રહે છે ..!
આજનો સોનેરી સુરજ ઉગ્યો..!
જાણે લઉં એનાં ઓવારણાં..!

ને આરતી ઉતારું પ્રેમે માં ભોમની..!
નવાં સંકલ્પો સાથે જાગૃતિ લાવીએ..!
ઘર ઘર તિરંગા લહેરાવીએ..! આન,બાનને શાન તિરંગો આપણો..!

ચાલોને ભેળાં મળીને આઝાદીનો અમૃત મહોત્સવ" આજ ભી ઉજવીએ ..!
નાચો ગાઓ જશ્ન મનાવો...!
ઘેર ઘેર તિરંગા લહેરાવો..!
ચાલોને વિદેશી છોડીને સ્વદેશી
પ્રણાલી અપનાવીએ..!

જે વતન ખાતર થયાં કુરબાન શહીદો ,
એ વિરલાઓને શત શત નમન કરીએ..!
જો આપણે જઈ ના શકીએ પણ એ વિરલાઓને નમન તો કરી શકીએ..!
ભ્રષ્ટાચારને રોકીએને..! સૌંદર્યનો ખજાનો મારો દેશ..!

ભારતનાં સમર્પણનું પ્રતીક તિરંગા..!
મારો દેશ મહાનને મહાનતા એની જાળવીએ..!
ને ભારત ભૂમિની માટીને
મહેકાવીએ..!
૧૮૫૭માં સ્વતંત્રતાની લડત માટે પહેલ કરીએ વીરોને નમન કરીએ..!

જે "મા "ભોમને ખાતર વહાવ્યું રક્ત ..!
આઝાદીની ક્રાંતિની મશાલ જગાવી..!
કોઈ નવી શરૂઆત કરીએ..!
સ્વતંત્રતા માટે નવી પહેલ કરીએ ...!

પહેલાં નાં રિવાજોને તિલાંજલિ આપીએ..!
એક નવો દ્રષ્ટિકોણ અપનાવીએ...!
એક મુક્ત ગગનમાં વિહરીતા
ગદ ગદ છાતી ફૂલે..!
આઝાદીનાં અમૃત મહોત્સવનો એ નશો આજ ભી સદાય બરકરાર રાખીએ..!

દેશહિતની રક્ષા માટે વચનો આપીએ..!
આઝાદીનાં અમૃત મહોત્સવમાં દેશ આખો ઉમટ્યો....!
વૃદ્ધ અને નર, નારી સૌ પ્રજા જનોની શાન જાળવીએ..!
"રાગ" કહે પાવન પર્વને આન, બાન ને શાન હિન્દુસ્તાનોની હદયે છલકાવીએ..!

રાગીની શુક્લ "રાગ"
મુંબઈ, કાંદિવલી

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

NSO SS NO - 154

વિષયઃ- સ્વાતંત્ર્ય દિવસ
શબ્દોઃ-
શીર્ષકઃ-અમૃત ઉત્સવ ઉજવીશું.

હર ઘર તિરંગો ફરકાવીશું,
તિરંગા યાત્રામાં
આભાર - નિહારીકા રવિયા જોડાઈશું,
મળીને અમૃત ઉત્સવ ઉજવીશું.

ભારતને નંબર એક બનાવીશું,
દેશ વિદેશમાં પ્રચંડ ડંકો વગાડીશું,
મળીને અમૃત ઉત્સવ ઉજવીશું.

ઈન્કલાબ જિંદાબાદનો નારો લગાવીશું,
વીર બલિદાનોની અમર ગાથા ગાઈશું,
મળીને અમૃત ઉત્સવ ઉજવીશું.

ભેદભરમથી કાયમ અળગા રહીશું,
ભાઈ ચારાથી અમે ઓળખાઈશું,
મળીને અમૃત ઉત્સવ ઉજવીશું.

ધ્વજ વંદન કરી સ્વાતંત્ર્ય દિવસ મનાવીશું,
રાષ્ટ્રગાન ગાયને રાષ્ટ્રને વંદન કરીશું,
મળીને અમૃત ઉત્સવ ઉજવીશું.

શહીદોની ગૌરવ ગાથા ગાઈશું,
યુવાને ગર્વથી નિત્ય શીશ ઝુકાવીશું,
મળીને અમૃત ઉત્સવ ઉજવીશું.

બીના એન પીઠડીયા, વૈદેહી
અમદાવાદ

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

*NOG SS NO. -39*
★વિષય-સ્વતંત્રતા દિવસ★
★પ્રકાર : લેખ★
★શીર્ષક-- આઝાદીનાં મીઠાં ફળ★
★સર્જકનું નામ- ★પ્રફુલ્લા "પ્રસન્ના"★
★શબ્દો -- ૩૪૦★
★રચના★

મુક્ત વાતાવરણમાં જિંદગી હળવાશથી વહેતી રહે એવું કોને ના ગમે? પોતાનું પણ એક આકાશ હોય! પોતાનાં વિચારો, પોતાની વાણી દ્વારા વ્યક્ત કરીને, પોતાનાં હક્કો સાથે આઝાદી માણવી કોને ના ગમે? આજે કેટલાય શહીદોની શહાદત અને નેતાઓની આઝાદીની લડતનાં કારણે જ આઝાદીનાં મીઠાં ફળ આપણને ખાવા મળ્યાં છે એ વાત સદંતર યાદ રાખવી જોઈએ.

સ્વતંત્ર ભારતનાં પંચોતેર વર્ષમાં દેશનાં વિકાસ માટે અનેક લોકોનું યોગદાન રહ્યું છે એમનાં એ યોગદાનને યાદ રાખીને, સ્વીકારીને આપણે પણ આપણું યોગદાન આપવું જોઈએ. દરેક નાગરિક દેશનો, આઝાદીની લડત માટે શહાદત વ્હોરનાર શહીદોનો ઋણી છે. આપણે આપણાં એક સારાં નાગરિક તરીકેની ધર્મ નિભાવીશું તો આવનારી પેઢી ચોક્કસ ગૌરવ અનુભવશે.

લોકોમાં દેશપ્રેમની ભાવના જગાડવા સ્વતંત્રતાની સમગ્ર ગાથા ગાવી અને ગવડાવવી અત્યંત આવશ્યક છે.

ભારત એવો દેશ છે જ્યાં વિવિધ રાજ્યોમાં જુદી જુદી ભાષા, ધર્મ, સંસ્કૃતિ હોવા છતાં આ અનેકતામાં એકતા રહેલી છે.આપણો દેશ દરરોજ આત્મનિર્ભરતાના માર્ગે આગળ વધી જુદાં જુદાં ક્ષેત્રે નવી નવી ઊંચાઈઓ સર કરે છે. આપણી આ સિદ્ધિઓની નોંધ આખું વિશ્વ લઈ રહ્યું છે.

દેશનાં શહીદોને શ્રદ્ધાંજલી રૂપે એમનાં સપનાનું ભારત બનાવવાનો સંકલ્પ કરવો જોઈએ. દરેક વ્યક્તિનાં મનમાં દેશદાઝ હોવી જોઈએ અને દેશ માટે કંઈ પણ કરી છૂટવાની તૈયારી હોવી જોઈએ. આપણાં સંતાનના મનમાં દેશપ્રેમ જાગે એ માટે અનેક લોકોનાં ત્યાગ અને બલિદાનની વાતો કરવી જોઈએ.

સ્વતંત્રતા એ બંધનમાંથી મળેલી મુક્તિ છે. લોકો વડે, લોકો દ્વારા અને લોકો માટે રચાયેલી સરકાર અને લોકશાહી એ આઝાદીનું મીઠું ફળ છે.
આઝાદ દેશમાં દરેક વ્યક્તિને બોલવાની છૂટ મળી. કોઈનેય ડર વગર દરેક જણ પોતાનાં વિચારો રજૂ કરી શકે અને એની ઉપર સરકાર વિચાર કરીને પ્રજાના હિતમાં જ નિર્ણયો લઈને કાર્ય કરી શકે. આજનાં સમયમાં આઝાદી એટલે સિદ્ધિ, સફળતા અને નસીબ સુધી પહોંચવાની કડી. આઝાદી એટલે એ સ્વાધીનતા.

સ્વતંત્રતા હોય તો પણ કાયદા કાનૂન તો હોય જ. દરેક વ્યક્તિએ નીતિ નિયમોને અનુસરીને જ સ્વતંત્રતા ભોગવવાની હોય છે નહીં તો દેશમાં સ્વચ્છન્દતા પ્રસરી જાય.

આપણો દરેક ક્ષેત્રનો વિકાસ અને દુનિયાભરમાં મળેલી નામના એ સ્વતંત્રતાની જ બલિહારી છે ને! શહીદ થયેલાં દરેક શહીદના શબ્દો આ જ હોવા જોઈએ,
"હમ લાયે હૈ તુફાનસે કશ્તી નિકાલકે
ઈસ દેશકો રખના મેરે બચ્ચો સંભાલકે."

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

NOG SS NO-122
વિષય -સ્વતંત્રતા દિવસ.
શીર્ષક : મારો દેશ
પ્રકાર : કાવ્ય
શબ્દો : ૮૪
નામ : કાજલ શાહ 'કાજ'

શહીદોની શહાદત તો નકામી જાય ના જોજો,
વ્હયાં લોહી તિરંગા કાજ એળે થાય ના જોજો,
જરા જોજો તમે ઈતિહાસનાં પાના ઉઘાડીને,
વિરોની આ ભૂમિ છે આન એની જાય ના જોજો.

રામની ભૂમિ છે ભારત શ્યામની ભૂમિ છે ભારત,
બુદ્ધ અને મહાવીરનાં ઉપદેશની ભૂમિ છે ભારત,
રાણીલક્ષ્મી, મહારાણા શિવાજીનાં વંશજ અહીં,
ગાંધી, ભગત, વલ્લભ, વિવેકાનંદની ભૂમિ છે
ભારત.

વેદ આયુર્વેદથી સમૃદ્ધ મારો દેશ છે,
એકતાનાં આભ નીચે નિરનિરાળા વેષ છે.
સંસ્કૃતિ ને પ્રકૃતિ એ શાન મારા દેશની,
પ્રગતિનું નભ આંબવા સક્ષમ અમારો દેશ છે.
??કાજલ??

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

NOG SS No: 151
વિષય - સ્વાતંત્ર્ય દિસસ
પ્રકાર - પદ્ય (ગઝલ)
શીર્ષક - ચાલી ગયા.

દેશને ઉજ્જડ કરી ચાલી ગયા,
જુલ્મી સિતમગરો ચાલી ગયા.

હિંદના આક્રોશથી થથર્યા હતા,
દુષ્ટ દિલના ધોળિયા ચાલી ગયા.

હદ ઉપર વિરોધ ફાટી નીકળ્યો,
હિંદ છોડી લોફરો ચાલી ગયા.

દેશને આજે જ આઝાદી મળી,
મોતના સૌદાગરો ચાલી ગયા.

દેશ ગાંધીજી થકી આઝાદ થ્યો,
ક્રાંતિથી ભયભીત થઈ ચાલી ગયા.

અનિલ દવે. ("અનુ")

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

NOG SS No/0044
વિષયઃ-"૧૫મી ઓગસ્ટ સ્વાતંત્ર્ય દિવસ "
પ્રકારઃ- ગદ્ય
શીર્ષક - સ્વતંત્રતા પછી દેશનો ચિતાર.
શબ્દોઃ- ૨૮૧

આપણાં દેશને અંગ્રેજોની ગુલામીમાંથી મુક્ત કરવાની શરૂઆત કરનાર ચંદ્રશેખર આઝાદ, ભગતસિંહ, સુખદેવ જેવાં ફાંસીને માંચડે ચઢનાર પાયાનાં પત્થરો ભૂલાઈ ગયાં, એમણે જીવનાં જોખમે અંગ્રેજોને હંફાવ્યા તો સાથે જ આપણાં કંઈ કેટલાં ભાઈ બહેનો હોમાયા એ ધીમે ધીમે ભૂલાઈ રહ્યું છે અને માત્ર ચરખો જ યાદ એ વાતનું દુઃખ છે.ક્યાં હશે એમનો પરિવાર!

સરદાર પટેલે રાજાઓને એકત્રિત કરી અંખડ ભારતની રચના કરી.

૭૫ વર્ષમાં ઘણી પ્રગતિ થઈ.રાજકીય, શૈક્ષણિક, કૃષિ, વિજ્ઞાન જેવાં ક્ષેત્રોમાં અઢળક પ્રગતિ કરી, સાથે જ
ભ્રષ્ટાચાર પણ અનેક ગણો વધ્યો.સામાજિક રિવાજોમાં કુરિવાજોની નાબૂદી.વિધવા વિવાહને આવકાર.ગર્ભ પરીક્ષણ,દહેજ,બાળ વિવાહ, ઘરેલું હિંસા વિરોધી કાયદો કરી મહિલાઓને રક્ષણ આપ્યું ?. કન્યા કેળવણીનું પ્રમાણ વધ્યું, છતાં પણ ઉચ્ચ શિક્ષણ તો ભાગ્યે જ મળતું એ માટે ગુજરાતમાં ૧૯૮૫માં ચીમનભાઈની સરકારે મફત કન્યા કેળવણીનો કાયદો ઘડ્યો.મેં પોતે એલ.એલબી.માં એક સત્રની ફી માત્ર ૩૦રૂપિયા ભરીને બીજા અને ત્રીજા વર્ષમાં અભ્યાસ કર્યો .

રમતોત્સવમાં તરૂણ અને યુવા વર્ગ જ ભાગ લઈ શકતો પરંતુ ખેલમહાકુંભ અને ખેલ કલાકુંભ દ્વારા ઉંમરનાં બાધ વિના નાગરિકો ભાગ લેતાં થયાં અને વયસ્ક નાગરિકોને પોતાનું કૌશલ્ય દાખવવાની તક મળી.

વ્યાપાર ક્ષેત્રે પણ પ્રગતિ થઈ.બીજાં દેશોએ વ્યાપારી કરારો કર્યા.દેશવિદેશમાં ભારતદેશનો ડંકો વાગવા માંડ્યો છે.

'બોડી બામણીનું ખેતર' સમજી બીજો દેશ આક્રમણ કરવા જાય તો જડબાતોડ જવાબ આપવા ભારત સક્ષમ બન્યું.

'વાડ હોય ત્યાં છીંડા' તો હોવાનાં જ અને 'રક્ષક જ ભક્ષક બને' એ પરિસ્થિતિ પણ જોવા મળે છે.

ક્યાં એક પણ લાભ કે પૈસા લીધાં વિના આઝાદી કાજે
ફના થઈ જનાર સેવકો અને ક્યાં આજનાં સેવકો? જે શામ
દંડ, ભેદથી ચૂંટણી જીતી પ્રજાનાં પૈસાનો બેફામ ઉપયોગ કરે?!સેવા જ કરવા સત્તા મેળવી હોવા છતાં પગાર ભથ્થાં, મફત
મુસાફરી, ટેલીફોન,ગાડી, બંગલા,આજીવન પેન્શન,પ્લોટ,
માંદગીમાં મોંઘી સારવાર મેળવી રહ્યાં છે. સેવકોની આવી
સેવા જોઈ પેલાં પાયાનાં પત્થરો જરૂર આંસુ સારતાં હશે!

શ્રવિભૂતિ દેસાઈ ઘાસવાલા બિલીમોરા.

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

NOG:SS: NO.:0101
વિષયઃ સ્વાતંત્ર્ય દિવસ
પ્રકાર :પદ્ય- અછાંદસ
શબ્દો : ૧૩૯.
લેખકઃ ભરત સાંગાણી
શીર્ષકઃ સ્વતંત્રતાઃનિયતિ સાથે ફરી મુલાકાત.

આ તો ખેલ છે, નિયતિનો,
જેને નથી કોઈ શક્યું ટાળી.
કૃષ્ણ વિષ્ટીકાર, થયા અસફળ
ન રોકી શક્યા, મહાભારતના યુદ્ધને,
તો પછી દોષ શાનો!
ગાંધી-નહેરુ-સરદારનો,
ભારતના ભાગલાં માટે.
આ તો ખેલ છે,
આભાર - નિહારીકા રવિયા નિયતિનો.
જેને નથી કોઈ શક્યું ટાળી.
અખંડ પૃથ્વીના અનેક થયા ખંડ
ને દેશો પારાવાર
ભિન્ન ભાષા, ભિન્ન સંસ્કૃતિ, ભિન્ન રિવાજ.
તો યે, સંવાદ-વિસંવાદમાં વહે છે
વિશ્વનૌકા, ભાતૃભાવના દરિયામાં.
આ તો, ખેલ છે નિયતિનો,
જેને નથી કોઈ શક્યું ટાળી.
પોતાની અસમર્થતા, નાકામિયાબિને છુપાવવા- આજનો શાસક બેહકાવે ,
ભ્રમિત કરે, નફરત ફેલાવે, ઊંધે રસ્તે દોરે,
સમજે જો પ્રજા આ,
તો સ્વર્ગ છે અહીંયા
પ્રેમ, ઉદારતા, સહિષ્ણુતા, બંધુત્વ તે જ,
'ભરત' રસ્તો છે સાચો.
આ તો ખેલ છે નિયતિનો,
જેને નથી કોઈ શક્યું ટાળી.

લેખકઃ ભરત સાંગાણી

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

N.O.G. S.S No. - 152
વિષય - સ્વાતંત્ર્ય દિવસ ૧૫મી
ઓગષ્ટ
પ્રકાર - પદ્ય ગઝલ છંદોબદ્ધ
શીર્ષક - જય ભારતીનો નાદ...
શબ્દો - ૧૦૫

જય ભારતીનો નાદ પૃથ્વી ગાજશે જોજો તમે,
ભારત તણાં સૌ વીર દોડી આવશે જોજો તમે.

કરશું મળીને દેશ આ વિખ્યાત વિશ્વમાં અમે,
ચોકે જગતનાં જીત ડંકો વાગશે જોજો તમે.

છે સૌ જવાનો સાબદા મા ભોમને કાજે અહીં,
તાકાત એવી સરહદે પણ દાગશે જોજો તમે.

રાખી અમે છે શાન ત્રિરંગા તણી જગમાં બધે,
દુશ્મન બધાં પળવારમાં ધુળ ચાટશે જોજો તમે.

ભારત હવે પહોંચી ગયું છે ચાંદ પર જુઓ જરા,
આંખો હવે ચોળીને દુનિયા તાકશે જોજો તમે.

સુખનો સુરજ ચમકે મજાનો દેશમાં સોના સમો,
હારી અને સૌ દુઃખ અહીંથી ભાગશે જોજો તમે.

આવ્યો મહામાનવ જુઓ ઉગારવા ભારત મહીં,
જગમાં બધે નિશાન ઊંચું રાખશે જોજો તમે.

દિલીપ ધોળકિયા,"શ્યામ"
જૂનાગઢ.

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

*NOG SS No. : 0141*
★વિષય : ૧૫મી ઓગષ્ટ★
★શીર્ષક : સ્વાતંત્ર્ય દિન★
★શબ્દો : ૩૫૦★
★લેખકનું નામ : રસિકભાઈ વી પરમાર "રવ"★

આપણા દેશમાં બે ઉત્સવ રાષ્ટ્રીય ઉત્સવ છે. એક પંદરમી ઓગસ્ટ અને બીજો છવીસમી જાન્યુઆરી. એક આઝાદી દિવસ છે તો બીજો પ્રજાસત્તાક દિન. ૧૫મી ઓગષ્ટ ૧૯૪૭ના રોજ અંગ્રેજોના શાસનમાંથી આપણે આઝાદ થયા હતા, એના માનમાં એને ધામધૂમથી ઉજવવામાં આવે છે.

આપણા શબ્દકોશમાં આઝાદી શબ્દનો અર્થ : બંધનમુક્તિ, સ્વતંત્રતા, સ્વાધીનતા વગેરે અને ના ગમે તેવો અર્થ નિરંકુશતા તથા સ્વચ્છંદતા પણ છે.

વ્યક્તિ વ્યક્તિએ એનો અર્થ અલગ અલગ હોઈ શકે. કોઈ રોકટોક વગરની જિંદગીને, કોઈ ઈચ્છા પ્રમાણેની ખાણી પીણીને તો કોઈ નીરબાધ્ય આવન જાવનને આઝાદી ગણે છે. વિધર્મી શાશક દ્વારા ઠેર ઠેર પ્રતિબંધિત રીતે જીવવું તે ગુલામી.

અંગ્રેજોએ વેપાર કરવાના બહાને પગપેસારો કરી કુસંપી, એશઆરામી અને ગર્વિષ્ઠ રાજા મહારાજાઓને અંદરોઅંદર લડાવીને લાગ જોઈ, રાજસત્તા હસ્તગત કરી લીધી. આપણા પૂર્વજોને ગુલામ બનાવ્યા, કાળો કેર પણ વર્તાવ્યો.

આઝાદી માટે કિંમત ચૂકવવી પડી છે. આઝાદીના લડવૈયાઓએ પોલીસની લાઠીઓનો માર ખાધો છે, બંદૂકની ગોળીઓથી પોતાના પ્રાણની આહુતિ આપી છે. કારાવાસ ભોગવ્યો છે તો કેટલાંય તડીપાર તથા બેઘર થયા છે.

વર્ષોની મહેનત અને સખત સંઘર્ષથી મળેલ આઝાદીનું દેશનો દરેક નાગરિક ગૌરવ કરે અને જરૂર પડે, મા ભોમ કાજે મરી ફીટવાની તમન્ના રાખતો હોવો જોઈએ.

આઝાદી દિવસની ઉજવણીના એક ભાગ રૂપે પાટનગર દિલ્હીમાં લાલ કિલ્લા પર પ્રધાનમંત્રી તિરંગો ઝંડો ફરકાવે છે અને પ્રજાને સંબોધન કરે છે. ભારતીય સેનાના ત્રણેય દળોના જવાનો દ્વારા રાજપથ ઉપર પરેડથી શક્તિપ્રદર્શ કરવામાં આવે છે. સેનામાં ફરજ બજાવતાં જવાનોને પરમવીર ચક્ર, અશોક ચક્ર, શોર્ય ચક્ર આપી સન્માનિત કરવામાં આવે છે. વિશ્વમાં રમત ગમત ક્ષેત્રે માન અપાવનાર ખેલાડીઓને સન્માનવામાં આવે છે.

આ દિવસને ભારતભરમાં રાષ્ટ્રીય તહેવાર તરીકે ઉજવવાનો હોવાથી દેશનાં તમામ સરકારી, બિનસરકારી કાર્યાલયો, ધંધા, વ્યવસાય, ઉદ્યોગમાં જાહેર રજા હોય છે. સ્થાનિક સ્વરાજની સંસ્થાઓ (રાજ્ય સરકારો, જિલ્લા, તાલુકા અને ગ્રામ પંચાયતો), શાળાઓ, મહાશાળાઓ દ્વારા ઠેરઠેર ધ્વજ વંદનના કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે.

એક એવો દિવસ કે સૌ કોઈ આને માટે ઝંખતા હતા ! આને માટે સર્વસ્વ ત્યાગતા હતા ! આને માટે જીવન સમર્પિત કરી દેતા હતા!
"સ્વાતંત્ર્ય દિવસ" એક સુનહરું સ્વપ્ર!"
આજે એજ દિવસ છે. "સ્વાતંત્ર્ય દિવસ" એક સિદ્ધ થયેલ સ્વપ્ર!
હવે સ્વાતંત્ર્ય ટકાવી રાખવા માટે ઝંખવાનું! શક્તિ પ્રમાણે ત્યાગવાનું! ગજા પ્રમાણે સમર્પિત થવાનું! મહામૂલી આઝાદી મળી છે તે એમ કંઈ વેડફી દેવાય?

સ્વાતંત્ર્યને સાચા અર્થમાં જાળવી રાખવા આપ સૌ પ્રવૃત્ત રહો એવી આશા સહ...."સ્વાતંત્ર્ય દિવસ" અને હવે તો - "ઉત્સવ" ની આપ સૌને શુભેચ્છાઓ...... અસ્તુ!

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

NOG SS N0 0089
શીર્ષક : આઝાદી
પ્રકાર : પદ્ય
પ્રવિણા કડકિઆ

———

૧૫મી છેપ્નેજં તારી દિલમાં યાદ વસતી

આઝાદીના ૭૬ વર્ષની સહુ માણી રહ્યા મસ્તી

''ખૂબ મોંઘી''તું આઝાદી અબાલ વૃદ્ધ ને ગમતી

બલિદાનીઓના લોહીની ભારતમાં ગંગા વહેતી

શહિદોના ''પાળિયા''ગદદારો વફાદારોને પોષતી

બેકાબુ આજે સમગ્ર વિશ્વમાં ભારતની વસ્તી

ત્રિરંગાને ગગને લહેરાતો જોઈ દિલમાં હરખાતી

વંદે માતરમના નારાથી દસે દિશાઓ ગુંજતી

વીરોની યાદમાં આજે દીવાની વાટ પ્રજ્વલિત

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

દ્ર્દ જીજી ર્હ ૧૪૩
વિષયઃ-સ્વતંત્રતા દિવસ
પ્રકારઃ-ગદ્ય(એકોક્તિ)
શબ્દ સંખ્યાઃ-૩૩૩
શીર્ષકઃ-ભારતમાતાનું આવાહન!
ઓહો!
તમે મને ના ઓળખી?
હા,હું ભારતમાતા!
હિંદમાતા!રાષ્ટ્રમાતા!
આપની મધર ઈન્ડિયા!
મારા સંતાનોએ માતાનું બિરૂદ આપી સદૈવ મારું આદરસન્માન સહ પૂજન કર્યું છે.રાષ્ટ્રવાદી લાગણી દર્શાવતું ચિન્હ માત્ર નહીં પણ દૈવીશકિત,પરાશક્તિ ગણી"ભારતમાતાકી જય"
નો જયઘોષ કર્યો છે.આપ
જાણો છો?એ મારો નહીં,
મારા સંતાનો,ભારતીય
જનતાનો જય છે.વર્ષોથી
ભારતીય સંસ્કૃતિ પૂજાતી આવી છે.ખબર છે કેમ?
મારી આ ધરા પર દેવોએ દસદસ અવતારો લીધાં,
ઋષિમુનીઓની પરંપરા, સાધુસંતોની વિચારધારા,
મહાપુરૂષોની કર્તવ્યનિષ્ઠા,
વીરશહીદોની શહાદત, વેદો,ઉપનિષદો,પુરાણો,
ગ્રંથોની પવિત્રતા ભૂમિનું ગૌરવ છે.
મારા નૈતિકમૂલ્યો,આદર્શો
સિધ્ધાંતોની રક્ષા કાજે,
જતન કાજે,મારાં લાડકાં સંતાનોનાં પ્રસ્વેદબિંદુઓ,
રક્તબિંદુઓ વહ્યાં છે,આ મારા વક્ષઃસ્થળ પર!એ કેમ ભુલાય?
હું અંગ્રેજોની ગુલામીમાંથી મુકત થઈ."આઝાદહિંદ"
ની ગુંજ મારા કર્ણપટલ
પર અથડાઈ.સમાનતા,
માનવતા,સત્ય,અહિંસાનાં પાયા પર આ મારા દેહનું નિર્માણ થયું.
"સત્યમ્ શિવમ્ સુંદરમ્"
"સત્યમેવ જયતે"
"વંદેમાતરમ"ની મને
ઉપમા મળી.મારા નામનો કિર્તીધ્વજ વિશ્વફલક પર બુલંદ બની લહેરાઈ રહ્યો છે.
ભારતભૂમિને એક દિવસ
વિશ્વ-વિશ્વગુરુ બનાવીને સિદ્ધિની વરમાળા પહેરાવે એમાં શું આશ્ચર્ય?ખરું ને?
ઋષિમુનીઓની તપોભૂમિ,
સાધુસંતોની ધર્મભૂમિ અને મહાન ચરિત્રોની કર્મભૂમિ પ્રત્યે હર્ષ,ગર્વ,અને ધન્યતાની લાગણી અનુભવું છું.મારી છાતી આજે ગજગજ ફૂલી રહી છે.
બસ!આજે એક માતા આપની પાસે ઝોળી ફેલાવી ઋણસ્મરણ કરાવી આવાહન આપે છે.
કર્તવ્યનિષ્ઠાથી રાષ્ટ્ર પ્રત્યે, સમાજ પ્રત્યેનું ઋણ અદા કરવા,દેશની ઉન્નતિ માટે,
કૃતજ્ઞતા અર્પણ કરવા સૌ કટિબદ્ધ થાઓ.માભોમની લાજ તમારા હાથમાં છે.
દેશની આન-બાન-શાન તમારી મુઠ્ઠીમાં છે.એક વાત કહું?
તમારી પાસે સંપ,સેવા,
સત્ય,સાહસ,સંગઠન રૂપી પાંચ આંગળીઓ છે જ,
એને ભેગી કરો તો મુઠ્ઠી બનશે અને એ મુઠ્ઠીમાં હશે ભારત ભાગ્યવિધાતાનો વાસ!
સંસ્કૃતિ રડી રહી છે,એનાં આંસુ કોણ લુછશે?ધરતી સાદ કરી પોકારે
આભાર - નિહારીકા રવિયા છે.એની ગૌરવ ગરિમા જાળવવા,
ત્રિરંગાની શાન સાચવવા,
એક બનો,નેક બનો,આગે બઢો.
વસુધૈવ કુટુંબકમની ભાવના રાખી,સર્વજન હિતાય,સર્વ જનસુખાયનો મંત્રોચ્ચાર કરી કમર કસો.
આજનાં દિને એજ મારા પ્રત્યેની વફાદારી!કૃતજ્ઞતા!
એજ અણમોલ નજરાણું!
મારા સંતાનોને માતાનાં અંતરતલથી,હદયમનથી શુભેચ્છા સહ શુભાશિષ!
(મારી સ્વરચિત રચના)
★નયના ઠક્કર★
★(પ્યાસી)વડોદરા.★

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

ત્રિરંગો

સદા પ્રેમ પ્યારો વહાવે ત્રિરંગો;
ને મસ્તકને ઊંચું રખાવે ત્રિરંગો.

છે ધબકાર સૌનાં હૃદયનો સદા એ;
હૃદય ઊર્મિઓ પણ જગાવે ત્રિરંગો.

છે ઈતિહાસ એનો જગતમાં અનોખો;
શહીદોની યાદો અપાવે. ત્રિરંગો.

સદા જીત પાકી કરે રણભૂમિમાં;
જવાનોને પાનો ચડાવે ત્રિરંગો.

ખમીર એનું ઊંચું ને ગાથા અનેરી;
ને જુસ્સો ગજબનો બતાવે ત્રિરંગો.

સદા વિશ્વભરમાં એ ઊંચે ઊડીને;
અલગ સ્થાન ઊંચું ધરાવે ત્રિરંગો.

- દેવેન્દ્ર જોશી,- મુંબઈ

### હર ઘર તિરંગા' અભિયાનનો શુભારંભ

# ૧૩ થી ૧૫ ઓગષ્ટ સુધી ઉજવણી,ઘરમાં તિરંગો ફરકાવવા દેશવાસીઓને કરાશે પ્રોત્સાહિત



એક તરફ દેશ આઝાદીનો અમૃત મહોત્સવ ઉજવી રહ્યો છે અને બીજી બાજૂ નજીકમાં જ હવે સ્વતંત્રતા દિવસનું આગમન થવા જઈ રહ્યું છે, ત્યારે સરકારે આ પ્રસંગે હર ઘર તિરંગા અભિયાનનો શુભારંભ કરાવ્યો છે.હાલમાં દેશ આઝાદીના ૭૫ વર્ષ પૂર્ણ થયાની ઉજવણી કરી રહ્યું છે. અરવલ્લી જિલ્લામાં મોડાસા ખાતે 'હર ઘર તિરંગા 'કાર્યક્રમ યોજાયો. જેમાં કે.એન.શાહ હાઈસ્કૂલથી મ.લા.ગાંધી કોલેજ કેમ્પસ સુધી રેલીનું આયોજન કરવામાં આવ્યું. મોડાસામાં આ રેલી નીકળતા દેશભક્તિનો માહોલ સર્જાયો હતો, દેશભક્તિના ગીતો સાથે,સાથે હાથમાં આપણી આન -બાન -શાન આપણો તિરંગો લઈને ચાલતા દરેક વ્યક્તિમાં અને આ રેલી નિહાળનાર દરેકમાં રાષ્ટ્રભક્તીનો, દેશભક્તિનો જોશ અને જુસ્સો ઉમેરાઈ રહ્યો હતો. મોડાસા શહેરમાં ઠેર ઠેર આ રેલીનું ફૂલોથી સ્વાગત, અભિવાદન કરવામાં આવ્યું.આ રેલીમાં માનનીય મંત્રીશ્રી ભીખુસિંહજી પરમાર, જિલ્લા કલેકટરશ્રી, પ્રશસ્તિ પારીક,જિલ્લા પોલીસ વડાશ્રી શૈફાલી બરવાલ,જિલ્લા વિકાસ અધિકારીશ્રી દીપેન કેડીયા, નિવાસી અધિક કલેકટરશ્રી એન.ડી પરમાર, નગરપાલિકા પ્રમુખશ્રી જલ્પાબેન ભાવસાર, પ્રાંત અધિકારી શ્રી મોડાસા, જિલ્લા શિક્ષણા અધિકારીશ્રી, તેમજ મોટી સંખ્યામાં પોલીસ જવાન અને અધિકારીશ્રીઓ,પદાધિકારીશ્રીઓ સાથે વિદ્યાર્થીઓ અને જાહેર જનતા જોડાઈ હતી.

દરેક ઘરે તિરંગા અભિયાનનુ આયોજન ૧૩ ઓગષ્ટથી શરૂ થશે અને ૧૫ ઓગષ્ટ સુધી ચાલશે.દેશમાં દરેક ઘરે તિરંગો ફરકાવવા માટે દેશવાસીઓને પ્રેરિત કરવામાં આવશે. મોટી સંખ્યામાં નાગરિકો આ અભિયાનમાં જોડાશે અને પોતાના ઘર પર દેશની આન બાન અને શાન એવો તિરંગો લહેરાવશે.



પવિત્ર પુરુષોત્તમ માસ દરમ્યાન ગઢશીશાની બહેનો દ્રારા દરરોજ પૂજા અર્ચના , શંખ પૂજન , ભજનો ઈત્યાદિ ધાર્મિક કાર્યક્રમો યોજાઈ રહ્યા છે. મંજુલા બેન, અર્ચના બેન , ઉષાબેન , સરોજ બેન રીનાબેન, ભારતી બેન, જેસ્ટાબેન, ભાવિકા બેન , સરોજબેન , પ્રિતીબેન બહેનો આ ધાર્મિક કાર્યક્રમો માં જોડાઈ રહ્યા છે.

# મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્ર પટેલે વડતાલધામમાં દર્શન કરી સંતોના આશીર્વાદ મેળવ્યા.. સંતોએ સુપુત્ર અનુજના સ્વાસ્થ્ય માટે પ્રાર્થના કરી

આજરોજ વડતાલધામમાં ચાલતા ભારતીય જનતા પાર્ટીના જીલ્લા પંચાયતના ચુટાયેલા મધ્યગુજરાતના સભ્યોના અભ્યાસવર્ગમાં આવ્યા હતા પરંતુ અભ્યાસવર્ગમા જતા પહેલા વડતાલધામમાં બિરાજતા દેવના દર્શન કરીને આશીર્વાદ પ્રાપ્ત કર્યા હતા.

મંદિર પ્રાંગણમાં સૌ પ્રથમ મુખ્ય કોઠારીશ્રી ડો સંત સ્વામીએ હાર પહેરાવી અભિવાદન કર્યું . મંદિર પર જઈને મહાપ્રતાપી શ્રીલક્ષ્મીનારાયણ દેવના દર્શન કરીને ગુજરાતની પ્રગતિ માટે પ્રાર્થના કરી. ડો સંત સ્વામીએ મુખ્યમંત્રીના સુપુત્ર અનુજના સ્વાસ્થ્ય માટે પણ પ્રાર્થના કરાવી હતી. આ પ્રસંગે કેન્દ્રિયમંત્રીશ્રી દેવુસિંહજી ચૌહાણ , ધારાસભ્ય શ્રી પંકજ દેસાઈ , રમણલાલ સોલંકી -દંડકશ્રી, મિતેશભાઈ સાંસદશ્રી , શેઠશ્રી પંકજભાઈ વડોદરા , શેઠશ્રી ભુપેન્દ્રભાઈ ભરૂચ , ટ્રસ્ટીસભ્યશ્રી મહેન્દ્રભાઈ વગેરે ખાસ ઉપસ્થિત રહ્યા હતા. સાથે શ્યામ સ્વામી , હરિઓમ સ્વામી પાઠશાળા, વિવેકસાગર સ્વામી સારંગપુર , પવન સ્વામી કલાલી , વૈકુંઠ સ્વામી ભરૂચ વગેરે સંતો મહંતોએ પણ શુભાશીર્વાદ પાઠવ્યા હતા.



ત્યારબાદ આણંદ - મહિસાગર - દાહોદ અને પંચમહાલજીલ્લાના સભ્યોને કેન્દ્ર અને રાજ્ય સરકારની લોક કલ્યાણકારી યોજનાઓ વિષે માર્ગદર્શન આપ્યું હતું.

# ભદ્રમાંથી ૩ હજાર ગેરકાયદે દબાણ હટાવી કાલુપુર સુધી બસ દોડાવાશે

નગરદેવી ભદ્રકાળી માતાના દર્શને જવા લોકોએ વિચાર કરવો પડે એવી સ્થિતિ છે. આશરે ૨૦ કરોડના ખર્ચે તૈયાર થયેલા ભદ્ર પ્લાઝામાં એટલી હદે દબાણ થઈ ગયું છે કે, રજાના દિવસે પણ ચાલીને ત્યાં પહોંચવું મુશ્કેલ હોય છે. અહીં અંદાજે ૩ હજાર ગેરકાયદે દબાણ છે. અમદાવાદ મ્યુનિ. એ છેલ્લા દોઢ મહિનાથી દબાણ દૂર કરવાની ડ્રાઈવ શરૂ કરી છે, પણ ત્યાં જેમની તેમ સ્થિતિ છે. મ્યુનિ. એસ્ટેટ વિભાગના ચેરમેન દેવાંગ દાણી કહે છે કે, દબાણ દૂર કરી લાલદરવાજાથી વાયા ત્રણ દરવાજા અને ગાંધી રોડ થઈ કાલુપુર સુધી બસ દોડાવવાનું આયોજન છે. જ્યારે મ્યુનિ. અધિકારીઓ કહે છે કે, પોલીસ તરફથી સહકાર મળતો નથી. આ કારણે મ્યુનિ.ને દબાણ દૂર કરવામાં સફળતા મળતી નથી. આ રૂટ ઉપર ૬ વર્ષ પહેલા મફત બસ સેવા ચાલુ હતી.દોઢ મહિના અગાઉ ગૃહરાજ્ય મંત્રી હર્ષ સંઘવી નગરદેવીના દર્શન કરવા આવ્યા હતા ત્યારે તેમને દર્શનાર્થીઓ અને કાર્યકર્તાઓએ દબાણ અંગેની ફરિયાદ કરી હતી. મ્યુનિ. અધિકારીઓ કહે છે કે, અહીં ગેરકાયદે બેસતા ફેરિયાઓનો ત્રાસ છે. ફેરિયાઓ પાસેથી પોલીસ, સ્થાનિક ગુંડાઓ અને નેતા પ્રોટેક્શન મની વસૂલે છે. મ્યુનિ. પગલાં લેવા જાય ત્યારે તેમને બચાવી લેવામાં આવે છે. મ્યુનિ. અધિકારીએ કબૂલ્યું કે, આ વિસ્તારમાં તમામ પ્રકારના ગેરકાયદે કામો થઈ રહ્યાં છે.મ્યુનિ. રિપોર્ટ મુજબ સેવા સંસ્થાએ હાઈકોર્ટમાં રિટ તથા પીઆઈએલ કરી હતી. કોર્ટના માર્ગદર્શન મુજબ ઓગસ્ટ-૨૦૧૫ બાદ ખમાસા ચાર રસ્તાથી ભદ્ર પ્લાઝામાં પ્રવેશતા ડાબી અને જમણી બાજુ એમ બે ભાગ પાડી સેવા અને સેલો સંસ્થાના ફેરિયાને ધંધો કરવા આશરે ૪૬૫.૫ ફૂટ જગ્યા અપાઈ હતી. સેવા સંસ્થાના ૩૭૨ અને સેલો સંસ્થાના ૪૭૨ વેન્ડર્સના નકશા મુજબ પટ્ટા પાડવામાં આવ્યા હતા. જોકે સેલો સંસ્થાએ હજુ સુધી નકશો ફાઈનલ કરીને આપ્યો નથી. મ્યુનિ. અધિકારીઓના રિપોર્ટમાં નોંધ્યું છે કે, હાલમાં નોંધાયેલ ફેરિયા ઉપરાંત વધારાના ફેરિયા ત્યાં ધંધો કરે છે.

ચંદ્રપ્રકાશ દવે વર્ષ ૨૦૧૬-૧૭ દરમિયાન એએમટીએસના ચેરમેન હતા ત્યારે ભદ્રકાળી એક્સપ્રેસ અને બાલાહનુમાન એક્સપ્રેસ બસ શરૂ કરવામાં આવી હતી. આ બસની મુસાફરી મફત હતી અને હાથ ઊંચો કરો ત્યાં ઊભી રહી જતી હતી. ભદ્રકાળી એક્સપ્રેસનો રૂટ ભદ્રકાળી મંદિરથી ત્રણ દરવાજા, ગાંધીરોડ, ખાડિયા ચાર રસ્તા, પાંચકુવા, કાલુપુર રેલવે સ્ટેશનથી યુ ટર્ન લઈ ઝકરિયા મસ્જિદ, કાલુપુર પોલીસ સ્ટેશન, રિલીફ રોડ, રતનપોળ, ઘી કાંટા ચાર રસ્તા, વીજળી ઘર થઈ પરત ભદ્રકાળી મંદિર પહોંચતી હતી. પરંતુ એ પછી એકાએક આ રૂટ પરની બસ સેવા બંધ કરી દેવામાં આવી હતી.


## સ્વાતંત્ર્ય દિવસ ની દેશવાસીઓને શુભેચ્છાઓ

રણાસણ પ્રાથમિક શાળા.

તા:ચાણસ્મા

જી: પાટણ

આચાર્યશ્રી : મહેશભાઇ મકવાણા

તથા સ્ટાફગણ

સૌ ભણે સૌ આગળ વધે

## સ્વાતંત્ર્ય દિવસ નિમિત્તે દેશવાસીઓને શુભેચ્છાઓ

★તલાટી★ : કેતનભાઈ પટેલ

★સરપંચ★ : ફલાજી નાગજી ઠાકોર

★ઉપસરપંચ★ : હેતલબેન સંજયજી ઠાકોર

વિસી તથા તમામ પંચાયત ના સદસ્યો.

★સેંધા ગ્રામ પંચાયત★

તા:ચાણસ્મા જી.પાટણ

★(જળ એ જ જીવન છે. પંચાયત ના વેરા સમયસર ભરો)★



# પુજ્ય શ્રી મોરારી બાપુની ઐતિહાસિક રામ કથાનો કિંગ ચાર્લ્સ ,ત્રીજાના શુભ સંદેશ સાથે કેમ્બ્રિજ યુનિવર્સિટી ખાતે પ્રારંભ થયો

કેમ્બ્રિજ, ૧૨મી ઓગસ્ટ- જાણીતા રામાયણના કથાકાર પૂજ્ય મોરારી બાપુએ કેમ્બ્રિજ યુનિવર્સિટીની જીસસ કૉલેજના મેદાનમાં ૯ દિવસની કથાનો શુભારંભ કર્યો છે, જે પરિસરમાં અત્યાર સુધીમાં સૌ પ્રથમ વખત યોજાઈ રહેલ હિન્દુ આધ્યાત્મિક કાર્યક્રમનું ઉત્તમ પ્રતીક છે. જેણે વિશ્વ માટે અનેક નોબેલ પુરસ્કાર વિજેતાઓને તૈયાર કર્યા છે તેવી આ પ્રતિષ્ઠિત સંસ્થાના પ્રાંગણમાં પુજ્ય બાપુશ્રી દ્વારા તેમની આ ૯૨૧મી કથા પ્રસંગે 'માનસ વિશ્વવિદ્યાલય' નામ આપવામાં આવ્યું છે.

જીસસ કોલેજની વર્ષ ૧૪૯૬માં સ્થાપના થઈ ત્યારબાદના ૪૧મી માસ્ટર અને સૌ પ્રથમ મહિલા તરીકે નેતૃત્વ કરનાર સોનિતા એલેને ર્મ્ઈ તથા હાઉસ ઓફ લોર્ડ્સ ખાતેના કન્ઝર્વેટીવ સભ્ય લોર્ડ ડોલર પોપટ તરફથી ઉષ્માભર્યું સ્વાગત કરવા સાથે પુજ્ય બાપુ દ્વારા આ કથાનો શુભારંભ કરવામાં આવ્યો હતો. પોતાના અભિવાદન પ્રવચનમાં લોર્ડ પોપટે મહામહિમ કિંગ ચાર્લ્સ તૃતિયના શુભેચ્છા સંદેશનું વાંચન કરવામાં આવ્યું હતું.

કેમ્બ્રિજની જીસસ કોલેજના માસ્ટર સોનિતા એલેને કહ્યું કે "આ વિસ્તારનું વાતાવરણ અસાધારણ છે. અહીં દરેકે દરેક વ્યક્તિ સાથે જોડાવાનો અહેસાસ કરવો તે સૌભાગ્ય અને ગૌરવની વાત છે. શાંતિની આ ક્ષણો ખરેખર ઉદ્દેશપૂર્ણ યોગ્ય ચિંતન માટે એક દુર્લભ છે."

સમગ્ર સંસારમાં "સત્ય, પ્રેમ અને કરુણા"ના સંદેશ માટે ખૂબ જ જાણીતા અને ગૌરવપૂર્ણ પ્રતિષ્ઠા ધરાવતા પૂજ્ય બાપુશ્રીએ ગોસ્વામી તુલસીદાસ દ્વારા રચિત રામ ચરિત માનસને એક વૈશ્વિક યુનિવર્સિટી તરીકે ગણાવેલ છે.



આ પ્રસંગે પૂજ્ય બાપુશ્રીએ જણાવ્યું હતું કે રામાયણ એક યુનિવર્સિટી હતી, જે સાત પર્વ વિવિધ ભાગોના સ્વરૂપમાં કાર્ય કરતા હતા, તેમનું નેતૃત્વ કુલપતિઓ દ્વારા કરવામાં આવતુ હતું,જેઓ અતુલનીય હતા. તેમણે આ પવિત્ર ગ્રંથમાંથી ઋષિ વિશિષ્ઠ, ઋષિ વિશ્વામિત્ર, મહર્ષિ ગૌતમ, ઋષિ વાલ્મિકી, ઋષિ અગસ્ત્ય, ઋષિ યાજ્ઞવલિકા, કાક ભુસુંદી, કૈલાશ પર્વત, પ્રયાગરાજ, નીલગિરિ પર્વત તથા ગોસ્વામી તુલસીદાસ જેવા ૧૧ કુલપતિ તથા યુનિવર્સિટીના નામ રજૂ કર્યાં હતા.

પુજ્ય મોરારી બાપુશ્રીએ એ વાત પર વિશેષ ભાર આપ્યો હતો કે એક પ્રબુદ્ધ વ્યક્તિ સાથે વિતાવેલ એક કલાકનો સમય પણ શ્રેષ્ઠ યુનિવર્સિટીઓની તુલનામાં વધુ સારું શિક્ષણ આપે છે. "હું એ યુનિવર્સિટી કે વિશ્વવિદ્યાલયનો વિદ્યાર્થી છું કે જેના કુલપતિ શ્રી તુલસીદાસ ગોસ્વામી હતા, તેઓ "આધિ ઘડી, આધિ મે ભી આધા, તુલસી સંગત સાધ કી, કાટે કોટિ અપરાધ" (અનેક પાપોને દૂર કરવા અડધી ક્ષણ, કે અડધાથી પણ ઓછી ક્ષણની જરૂર હોય છે)." પૂજ્ય બાપુએ એ વાત પર ભાર આપ્યો હતો કે યુનિવર્સિટીઓ પાપોને દૂર કરવા માટે હોવી જોઈએ નહીં કે ગુના કે અપરાધનું કેન્દ્ર બનવા માટે.

પૂજ્ય બાપુએ વધુમાં કહ્યું કે, "હંમેશા શુભ ક્ષણ એ હોય છે કે જ્યારે આપણે કોઈ સંતને મળી છીએ અને રામાયણ જેવી મહાન રચનાનું અધ્યયન કરી છીએ. તેમા કોઈ લાંબા અભ્યાસક્રમની ઓફર કરતી નથી અને તેમા અનેક વિષયો નથી. બસ તમારો તેમા અટલ વિશ્વાસ હોય તે જરૂરી છે!"

એક યુનિવર્સિટીમાં પોતાના વ્યાખ્યાનથી પ્રેરણા લેતા ડોક્ટર સર્વપલ્લી રાધાકૃષ્ણને કહ્યું હતું કે ભારતમાં દરેકે દરેક સંત એક યુનિવર્સિટી છે, પૂજ્ય બાપુ શ્રીએ રામ ચરિત માનસનું એક મોબાઈલ યુનિવર્સિટી તરીકે વર્ણન કર્યું અને તેમની કથાથી એડમિશન ટેસ્ટ એટલે કે પ્રવેશ પરીક્ષા વગર પ્રવેશ મેળવી શકાય છે.

પુજ્ય બાપુશ્રીએ પ્રથમ ખંડ-બાળ ખંડ ૧૦૭ અને ૧૪૬આ બે વૃત રચના પસંદ કરી-૯ દિવસ સુધીની કથાનો શુભારંભ કર્યો: વિશ્વનાથ મમ નાથ પુરારી, ત્રિભુવન મહિમા બિદતા તુમ્હારી ભગત બચહાલા પ્રભૂ કૃપાનિધાન, વિશ્વવાસા પ્રગતે ભગવાન

આ કાર્યક્રમને થર્ડ કલ્ચર કલેક્ટિવ દ્વારા આગળ વધારવામાં આવ્યો, એક સંગીત મંડળી કે જે ભારતીય સંગીતને પશ્ચિમી શાસ્ત્રીય સંગીત સાથે તાલમેલ કરે છે, તે કથાના ઉદઘાટન પ્રસંગે પ્રસ્તુત કરવામાં આવ્યું હતું. તેના આયોજક કવિ પાઉએ કેમ્બ્રિજ યુનિવર્સિટી ખાતે શિક્ષણ મેળવેલુ અને અત્યારે તેઓ અહીં જ સંગીત શીખવે છે તેમણે શ્રી રામ ચરિત માનસ પર આધારિત એક નવી કૃતિનું સર્જન કર્યું. તેમની ઉત્તમ કૃતિના પ્રીમિયર માટે તેમની સાથે આઠ કોરલ વિદ્વાન, સૌ વિદ્યાર્થીઓ અને કેમ્બ્રિજ યુનિવર્સિટીની ભૂતપૂર્વ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.

કેમ્બ્રિજ યુનિવર્સિટી યુકે તથા વિશ્વની સૌથી જૂની તથા સૌથી પ્રતિષ્ઠિત યુનિવર્સિટી પૈકીની એક છે. તેના ત્રણ ભૂતપૂર્વ વિદ્યાર્થીઓમાં ત્રણ ભારતીય વડાપ્રધાનનો સમાવેશ થાય છે- જવાહરલાલ નેહરું, રાજીવ ગાંધી તતા મનમોહન સિંહ. આ ઉપરાંત શ્રી અરવિંદો, અમર્ત્ય સેન, સીઆર રાવ, સુભાષ ચંદ્ર બોઝ, સરોજિની નાયડુ જેવા વિચારકોએ પણ આ યુનિવર્સિટીમાંથી શિક્ષણ પ્રાપ્ત કર્યું હતું. આ શહેરે વિશ્વના અન્ય કોઈ શહેરોની તુલનામાં સૌથી વધારે નોબેલ પુરસ્કાર વિજેતા ધરાવે છે.

બ્રિટનમાં પુજ્ય બાપુની સૌ પહેલી કથા વર્ષ ૧૯૭૯માં યોજાઈ હતી; વર્ષ ૨૦૧૭માં વેમ્બલી એરિનામાં છેલ્લે કથાનું આયોજન થયું હતું, જેમાં દરરોજ આશરે ૧૦,૦૦૦ લોકો કથા સાંભળવાનો લાભ લેતા હતા. હવે જ્યારે છ વર્ષ બાદ પૂજ્ય બાપુ બ્રિટન પરત ફર્યા છે ત્યારે પ્રતિષ્ઠિત કેમ્બ્રિજ યુનિવર્સિટીમાં શ્રી રામ ચરિત માનસ કથાનું આયોજન થયું છે.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.